**સુવિચાર**

ખેડૂતને ધરતી ઉપર, બાળકને માતા ઉપર વિશ્વાસ હોય છે તેમ આપણને સર્જનહાર ઉપર વિશ્વાસ હોવો જોઈએ.

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૦૪/૦૫/૨૦૨૩, ગુરૂવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.


ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૭૯ વૈશાખ સુદ-૧૪ વર્ષ : ૧૫ અંક : ૧૧૯

યુરોલોજી વિભાગ
મુખ્યમંત્રી અમૃતમ્ (માં) તથા પ્રધાનમંત્રી આયુષ્યમાન ભારતનાં કાર્ડ ધારકોને પ્રોસ્ટેટ, કિડનીમાં પથરી અને મુત્રમાર્ગનાં રોગોના ઓપરેશનનો વિના મૂલ્ય મફતમાં...
ડૉ. નીત ચોટાઇ
MBBS MS,
D.N.B. Urology
પથરી, કિડની, પ્રોસ્ટેટ તથા મૂત્રમાર્ગના નિષ્ણાંત ડોકટર
- કિડનીને લગતા રોગો તથા કિડનીમાં પથરીના દુરબીનથી ઓપરેશન
- પ્રોસ્ટેટને લગતી સમસ્યાઓના દુરબીનથી ઓપરેશન
- પેશાબની થેલીમાં થતી ગાંઠના ઓપરેશન
- પેશાબમાં લોહી નીકળવું નિદાન અને સારવાર
- પેશાબની ધાર નબળી અથવા ત્રુટક હોવી
- પેશાબની નળી સાંકડી થઈ જાય તેનું દુરબીનથી ઓપરેશન
- પેશાબમાં ચેપ કે લીકની સમસ્યા
- પેશાબ બહાર આવવામાં વાર લાગવી અથવા સંકોચ થવો
- કિડની અને પ્રોસ્ટેટના કેન્સરની સારવાર.
કોમ્પ્યુટર ઓપરેટર (ફિમેલ) જોઈએ છે
ઓ.પી.ડી.નો સમય સવારે ૯ થી બપોરે ૧ કલાક તથા સાંજે ૫ થી રાત્રે ૮ સુધી
ઉપલબ્ધ સેવાઓ
પ્રોસ્ટેટ, કિડની સ્ટોન વગેરેના ઓપરેશનો એન્ડોસ્કોપી (દુરબીન)થી મુખ્યમંત્રી અમૃતમ્ (માં) તથા પ્રધાનમંત્રી આયુષ્માન ભારત કાર્ડ ધારકોને મફતમાં ઓપરેશનો...
નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ - સંચાલિત
રાધિકા જનરલ હોસ્પિટલ (ગોળ હોસ્પિટલ)
ચિતલ રોડ, દત્ત મંદિર પાસે, અમરેલી. ફોન નં. (૦૨૭૯૨) ૨૨૩૩૧૬/૨૨૮૯૦૪

### બપોરબાદ અચાનક ધસી આવેલ ઘટાટોપ વાદળોએ ચિંતા વધારી

# અમરેલી પંથકમાં વણનોતર્યા કમોસમી વરસાદનું આગમન

**શહેરમાં ઠેકઠેકાણે પાણીનો ભરાવો થયો, રાબેતા મુજબ વીજળી ગાયબ થઈ, વાતાવરણમાં ઠંડક પ્રસરી**

**જગતાત ગણાતા ખેડૂતો પણ વણનોતર્યા વરસાદથી વધારેને વધારે ચિંતિત બની રહ્યા છે**

**જુલાઈનાં પ્રારંભે આવતો વરસાદ સૌ કોઈ માટે ખૂશી લઈને આવતો હોય છે મે નાં પ્રારંભનો વરસાદ કોઈને પસંદ નથી**

**તૈયાર થયેલ ખેતીપાકોને નુકસાન અને ખરીફ મોસમમાં પાક તૈયાર થશે કે નહી તેને લઈને પરેશાની વધી**






અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં છેલ્લા એકાદ અઠવાડીયાથી વણનોતર્યા મહેમાન બનીને આવેલ કમોસમી વરસાદે આજે અમરેલી શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં પાણી વરસાવતાં શહેરમાં ઠેકઠેકાણે પાણી ભરાયા અને વાતાવરણમાં ઠંડક પ્રસરી અને રાબેતા મુજબ વીજળીરાણીનાં રૂસણા થયા હતા.

એક હવામાન વિભાગ અને બીજી તરફ હવામાન નિષ્ણાંત અંબાલાલ પટેલ સતત કમોસમી વરસાદની મુદત વધારી મુદત વધારી રહ્યા છે. તેમજ વાવાઝોડાની પણ સંભાવનાં પણ વ્યકત થતી હોય રાબેતા મુજબ કરતાં એક મહિના પહેલા આગમન થયેલ મેઘાએ તૈયાર થયેલ ખેતીપાકોની હાલત બગાડીને ખરીફ મોસમમાં પાક તૈયાર થશે કે નહી તેની ચિંતા વધારી છે.

વર્તમાન સમયમાં પડતો વરસાદ આફતરૂપ બન્યો છે. જો એક મહિના પછી વરસાદ પડે તો તે આશીર્વાદરૂપ બનવાનો હતો. આમ સમય કરતાં વહેલા આવી ચડેલ વરસાદ મુશ્કેલીરૂપ બન્યો છે.

### ખાંભા નજીક આવેલ

## સાળવા ગામે પગથીયા પાસે પગ લપસી જતાં વૃધ્ધનું મૃત્યુ નિપજયુ

**ભાવનગર ખાતે સારવાર મળે તે પહેલા જ મૃત્યુ**

અમરેલી, તા. ૩

ખાંભા તાલુકાનાં સાળવા ગામે રહેતા અને ખેતી કામ કરતાં ધરમશીભાઈ લાલજીભાઈ સેંજલીયા નામનાં ૬૦ વર્ષિય વૃધ્ધ ગત તા. ૧/૫ નાં સાંજે પોતાના ઘરે ટોયલેટ જઈ પરત આવતા હતા ત્યારે પગથીયા પાસે પગ લપસી જતાં તેઓ ઉંધા પડી ગયેલ જેના કારણે ઈજા થતાં સારવાર માટે ભાવનગર હોસ્પિટલે લઈ જતાં હતા તે દરમિયાન રસ્તામાં જ વૃધ્ધનું મોત નિપજયાનું ખાંભા પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### ધારીનાં એડીશ્નલ સેશન્સ જજ દ્વારા

## બળાત્કારના ગુન્હાનાં આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ થયો

**આરોપી તરફે એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલો સફળ રહી**

અમરેલી, તા. ૩

ધારી પંથકમાં નોંધાયેલ બળાત્કારનાં ગુન્હાનાં આરોપીને નિર્દોષ છોડી મુકવાનો હુકમ થયેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, ધારી તાલુકાનાં દેવળા ગામે રહેતા ભોગ બનનાર સાથે થયેલ હતો અને ભોગ બનનારે આ કામનાં આરોપી વિરૂધ્ધ ફરીયાદ આપેલી અને ફરિયાદમાં તેમણે જણાવેલ કે, આ કામનાં આરોપી સંજય નાનજીભાઈ કડેવાળ સાથે જશે નહીં તો તેમને તેઓ મારી નાખવાની ધમકી આપતા તેમની સાથે તેમની ઈચ્છા વિરૂધ્ધ ભાગી ગયેલા અને ત્યારબાદ તેઓને તેમણે આપેલ ફરિયાદના આરોપીએ જુદી-જુદી જગ્યાએ લઈ જઈને તેમની ઈચ્છા વિરૂધ્ધ તેમની સાથે દુષ્કર્મ કરેલ. તે બાબતની તેઓએ ધારી પોલીસ સ્ટેશનમાં આ કામનાં આરોપીઓ વિરૂધ્ધ ગુ.રજી. નં. ફર્સ્ટ ૬૭/૨૦૧૪થી આઈપીસી-૩૬૬, ૩૭૬, ૧૧૪ વિગેરે મુજબનો ગુન્હો નોંધાયેલો, ત્યારબાદ તપાસનાં અંતે આ કામનાં આરોપી વિરૂધ્ધ ચાર્જશીટ દાખલ કરવામાં આવેલું.

આ કામે ચાર્જશીટ થયા પછી ધારીનાં એડીશ્નલ સેશન્સ જજ કે.એસ. પટેલ સમક્ષ આ કેસ ચલાવવામાં આવેલ અને ફરીયાદ પક્ષ તરફથી પોતાનો કેસ સાબીત કરવા માટે લેખીત તથા મૌખીક પુરાવો રજુ

અનુસંધાન પાના ૬ ઉપર

- રૂટ કેનાલ ટ્રીટમેન્ટ (આરસીટી)
- દાંતનો સડો કાઢીને તેમાં ચાંદી/ડેન્ટલ સીમેન્ટ પુરવી
- મેટલ અને સીરામીક ફિકસ દાંત
- પેઢાની સફાઈ તથા સર્જરી
- ચોગઠા બનાવવા
- ડેન્ટલ ઈમ્પલાન્ટ (સ્ક્રુ વડે દાંત ફીટ કરવા)
- વાકાચુકા દાંતની સારવાર



ડૉ. તુષાર બોરાણીયા (B.D.S.)
દાંત તથા પેઢાના રોગોનાં સર્જન
દાંતના મુળની સારવારના નિષ્ણાંત
ૐ ફેમિલી ડેન્ટલ કેર
પહેલો માળ, સારથી કોમ્પ્લેક્ષ, લીલીયા રોડ, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૦૩૦૦

### અમરેલી અભયમ ટીમને જાગૃત નાગરિકે જાણ કરતા

## પતિનાં નશાનાં વ્યસન અને સાસુના માનસિક ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરેલ મહિલાને બચાવી લેવાઈ

**જીંદગીથી ત્રસ્ત મહિલા ઠેબી જળાશય જવા રવાના થઈ ગઈ હતી**

અમરેલી, તા. ૩

પતિના નશાના વ્યસનથી તથા સાસુના માનસિક ત્રાસથી કંટાળીને આત્મહત્યા કરવા ગયેલ મહિલાને અમરેલી અભયમ ટીમે બચાવી હતી.

વિગત એવા પ્રકારની છે કે, ગત તારીખ ૨/૫ ના રોજ બપોરના એક સજજન વ્યકિત દ્વારા ફોન કરી અભયમમાં જણાવેલ કે એક મહિલા અમરેલી ઠેબી ડેમમાં આપઘાત કરવા જઈ રહ્યા છે જેથી તાત્કાલિક મદદની જરૂર છે.

આ માહિતી મળતા તુરંતજ



ટીમના કાઉન્સેલર પરમાર હીના, જીઆરડી મનીષાબેન માધાડ તથા પાયલોટ જગદીશભાઈ મોરે સ્થળે પહોંચી પીડિત મહિલાને વિસમાં લઈ સુરક્ષીત સ્થળે બેસાડી તેણી સાથે પરામર્શ કરતા પીડિતાએ જણાવેલ કે તેઓ જિંદગીથી કંટાળી ગયેલ છે. જેથી તેઓ વારંવાર એક શબ્દ રટણ કરી રહ્યા હતા કે તેઓને મરી જવું છે. આથી ટીમ દ્વારા પિડીતાને શાંત્વાના આપી સમજાવેલ કે આત્મ હત્યા કરવી તે સમસ્યાનું સમાધાન નથી, પરંતુ તેની સામે અવાજ ઉઠાવી લડત આપવી પડે,જેથી પીડિત મહિલાએ વિસમાં આવતા શાંત

અનુસંધાન પાના ૬ ઉપર

શું આપને સાંભળવામાં અથવા સમજવામાં તકલીફ પડે છે ?
સર્વ શ્રેષ્ઠ કવોલીટી સર્વિસ તથા કિંમતની ખાત્રી



અમરેલી જિલ્લામાં આધુનિક ટેકનોલોજી દ્વારા સારવાર તથા તાજા જન્મેલા બાળકોથી લઈને ૧૦૦ વર્ષનાં વૃધ્ધ સુધીનું બહેરાશનું ટેસ્ટીંગ અલગ અલગ ડીઝીટલ મશીન દ્વારા તપાસ કરવામાં આવશે.
આ સેન્ટરમાં કોમ્પ્યુટરાઈઝ સ્પીચ થેરાપીની સુવિધા પણ મળશે.
કિલનીકની સેવાઓ :
- બહેરાશની તપાસ
- અંતઃકર્ણ કાનની નસોની તપાસ
- જન્મેલા બાળકનો BERA ટેસ્ટ
- કોકલીયર ઈમ્પલાન્ટ મેપિંગ
- સ્પીચ થેરાપી
- આર્ટિકયુલેશન થેરાપી
- ફલ્યુઅન્સી થેરાપી
- સ્પીચ એન્ડ લેંગ્વેજ થેરાપી
- વોઈસ થેરાપી
- કોકલીયર ઈમ્પ્લાન્ટ વાળા બાળકો માટે AVT
ઉપરની તમામ સેવાઓ તથા અદ્યતન કંપનીઓનાં ડીજીટલ અને સેમીડીઝીટલ મશીનો પણ ઉપલબ્ધ છે
કવોલીફાઈડ ઓડિયોલોજિસ્ટ દ્વારા માર્ગદર્શન
શ્રીમતિ મીનાક્ષીબેન વિનયભાઈ વળિયા
ઓડિયોલોજી અને સ્પીચ થેરાપી કિલનીક
બહેરા મૂંગા શાળા, સાયન્સ કોલેજ પાસે, લાઠી રોડ, અમરેલી : મો.નં. ૯૪૨૭૭ ૬૦૦૦૪



અમરેલી જીલ્લામાં સૌ પ્રથમવાર
મેગાસીટીમાં થતા કુવારા પધ્ધતિ
(TOPICAL TACHENIQUE) દ્વારા
અમેરીકન કોલ્ડ ફેકો-લેસર ટેકનોલોજી
થી મોતીયાના ટાંકા વગર ઓપરેશન...
નહિં ઈન્જેકશન, નહિં કોઈ દુઃખાવો, નહિ પાટો કે નહિં પટ્ટી ખુલ્લી આંખે આવો અને ખુલ્લી આંખે જાઓ.
ઓપરેશન બાદ તુરંત જ દેખાવાનું શરૂ
૫ દિવસમાં રોજીંદુ કામકાજ કરી શકાય
સ્ટાર હેલ્થ પોલીસી ધારકો માટે તમામ પ્રકારના આંખના ઓપરેશનો કેશલેશ કરવામાં આવે છે
ઉચ્ચ કક્ષાના નેત્રમણીની સુવિધા હવે અમરેલીમાં...
DIABETIC તથા HARD (પથ્થરીયા) મોતીયા માટે ખાસ આર્શિવાદ રૂપ
દ્રષ્ટિ આંખની હોસ્પિટલ
ડો. અભિષેક ઠાકર, મો. ૮૨૩૮૩ ૦૯૧૧૪
રોયલ કોમ્પ્લેક્ષ, ચિત્તલ રોડ, અમરેલી. ફોન : (૦૨૭૯૨) ૨૨૧૬૨૭, ૨૩૩૫૬૫

### અમર ડેરી દ્વારા પૂર્વ સંધ્યાએ સુંદર આયોજન કરાયું

# અમરેલીમાં આજે નાગનાથ મંદિર ચોકમાં ભોજલરામ મંદિરે સાંજે સત્યનારાયણની કથા યોજાશે

**દિલીપ સંઘાણી, અશ્વિન સાવલીયા સહિતનાં આગેવાનો જોડાશે**

અમરેલી, તા. ૩

તારીખ ૦૪/૦૫/૨૩ને ગુરૂવારના રોજ ભોજલરામ બાપાની ૨૩૮મી જન્મજયંતિ નિમિત્તે અમરેલી મુકામે નાગનાથ મંદીર સામે ભોજલરામ બાપાના મંદીરે સાંજના ૬:૩૦ કલાકે અમર ડેરી દ્વારા સત્યનારાયણ ભગવાનની કથાનુ આયોજન કરવામ્ાં આવેલ છે.



આ કથામાં ઈફક્કોના ચેરમેન દિલિપભાઈ સંઘાણી તથા અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલીયા, વાઈસ ચેરમેન મુકેશભાઈ સંઘાણી, એમ.ડી. ડો.આર.એસ. પટેલ તથા અમરેલી જીલ્લા સહકારી ખરીદ વેંચાણ સંઘના પ્રમુખ જયંતીભાઈ પાનસુરીયા, અમરેલી જીલ્લા સહકારી સંઘના પ્રમુખ મનિષભાઈ સંઘાણી, અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ રાજેશભાઈ કાબરીયા, અમરેલી તાલુકા ભાજપ પ્રમુખ ઘનશ્યામભાઈ ત્રાપસીયા, અમરેલી જીલ્લા પંચાયતના પ્રમુખ રેખાબેન મોવલીયા, અમરેલી તાલુકા પંચાયતના પ્રમુખ પ્રજ્ઞાબેન સાવલીયા, નગર પાલીકા પ્રમુખ મનિષાબેન રામાણી, અમરેલી શહેર ભાજપ પ્રમુખ ભાવેશભાઈ સોઢા, મહામંત્રી રાજેશભાઈ માંગરોળીયા, પુર્વ જીલ્લા ભાજપ પ્રમુખ દિનેશભાઈ પોપટ અમર ડેરી, અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક, અમરેલી જીલ્લા સહકારી ખરીદ વેચાણ સંઘ તથા અમરેલી જીલ્લા સહકારી સંઘના તમામ ડીરેકટરો તથા સહકારી આગેવાનો હાજર રહેવાના છે તો આ કથામાં ધર્મપ્રેમી જનતાને હાજર રહેવા અમર ડેરી તરફથી ભાવભર્યુ હાર્દિક નિમંત્રણ છે.


### ધારાસભ્ય કસવાલાએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

# સાવરકુંડલા–લીલીયા પંથકનાં ખેડૂતોને પાક ધિરાણમાં પડતી મુશ્કેલીઓ દૂર કરો

**બિન અનામત આયોગ દ્વારા નો–ડયુ સર્ટિની સમસ્યા ઉભી થાય છે**

અમરેલી, તા. ૩

સાવરકુંડલા લીલીયા વિસ્તારના ગ્રામ્ય કક્ષાના ખેડૂતોને હાલમાં પાક ધિરાણ બાબતમાં અનેક પ્રકારની મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે તે બાબત પર ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના પ્રવાસ દરમિયાન ખેડૂતો દ્વારા આવેલ રજૂઆતને આધારે ધારાસભ્ય દ્વારા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલને પત્ર દ્વારા રજૂઆત કરેલ છે, કે જયારે ખેડૂતોના સંતાનોને ઉચ્ચ શિક્ષણ માટે લોન લેવામાં આવેલ હોય છે. તે સમયે તેમની જમીનના આધારે મોર્ગેજ કરીને બિન અનામત આયોગ દ્વારા લોન આપવામાં આવતી હોય છે. આ લોનનો





સમય ગાળો ઘણો જ લાંબો હોય છે. તેવા સમયે જયારે ખેડૂતોને બેંકો મારફત કે ગ્રામ્ય કક્ષાએ સહકારી મંડળીઓ દ્વારા પાક ધિરાણ માટે હાલમાં ખૂબ જ તકલીફ પડી રહી છે. બિન અનામત સમયસર ન મળવાથી ખેડૂતો પાક ધિરાણથી વંચિત રહે છે. જમીન પર જે બોજો દાખલ કરવામાં આવેલ હોય તેમાં મુકિત ખેડૂતોને મળે અને સમયસર ખેડૂતોને પાક ધિરાણ મળી રહે તેવી લેખિતમાં રજૂઆત ધારાસભ્ય દ્વારા કરવામાં આવેલ છે.

# ગુજરાતી ફિલ્મ 'વેલકમ પૂર્ણિમા'થી હેમ સેવક અને રિશીલ જોષી પાસેથી અપેક્ષાઓ વધી જાય છે

અમરેલી, તા.૩

વિચારોનાં વાવાઝોડા વચ્ચે ફિલ્મી દુનિયામાં આવી રહી છે. અવનવી એકટર – ડિરેકટરની જોડી, અને ટોપિક એવો કે વિશ્વાસના થાય.

કળા, બુદ્ધિ અને મૈત્રીને જો એક સાથે લાવવામાં આવે તો પછી જોગાનુજોગ આવી ફિલ્મ બને. એક વ્યકિત બિઝનેશ સાચવતા જયારે બીજા વ્યકિત વકીલ બનવાનાં પંથે હતા પણ કળાએ એમને ખેંચીને આ આવનારી ફિલ્મ 'વેલકમ પૂર્ણિમા' માં સાથે બાંધી દીધા.



આપણે વાત કરી રહયા છીએ, 'વેલકમ પૂર્ણિમા' ફિલ્મમાં પ્રથમ વખત એકટર – ડિરેકટરની જોડી હેમ સેવક અને રિશીલ જોષીની આવનારી હોરર કોમેડી ફિલ્મ 'વેલકમ પુર્ણિમાં' થી બનેલ ઈન્ડસ્ટ્રીઝને કળા અને મનોરંજન ક્ષેત્રે કંઈક નવું પીરસવા આવી રહયાં છે.

આ ફિલ્મનાં ડિરેકટરનું કહેવું એમ છે કે એકટર અને સ્ટોરી સારી હોય તો બાકી બધું હેમ–ખેમ ગોઠવાય જાય. અને એકટર હેમનું માનવું છે. કે જો દીર્ઘદ્રષ્ટા દિગ્દર્શક હોય તો જોશિ – લું ફિલ્મ યુનિટ આપો આપ સારૂ રિઝલ્ટ આપી શકે છે.

તો તમે પણ જોવાનું ચુકતા નહિ 'વેલકમ પૂર્ણિમા' તમારા નજીકનાં સિનેમા ઘરોમાં..

### વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતનાં માહોલમાં

# સાવરકુંડલા : મહેસુલ અને સરકારી ભરતીની વેબસાઈટમાં સ્પેલિંગ ભૂલો જોવા મળે છે

**સાવરકુંડલાના સ્પેલિંગમાં જોવા મળતી ભૂલ સુધારો**

સાવરકુંડલા, તા. ૩

ગુજરાત સરકારની મહેસુલ અને સરકારી ભરતીની મહત્વની વેબસાઈટમાં તાલુકા નામમાં(અંગ્રેજીમાં) મોટી સ્પેલિંગ ભૂલો જોવા મળી રહી છે.

જેમાં મહેસુલ ખાતાની સાઈટ ANYROR/IOR સાવરકુંડલા ફતાલુકાના ગામના નમૂના, નમૂના ૭/૧૨, ૮ અ, ૬ નંબર જેવા અગત્યના ઓનલાઈન નિકળતા પુરાવામાં ખરાઈ કરતાં ડિઝિટલ સ્ટેમ્પ અને સિગ્નેચરમાં તાલુકાના નામ એક જ પેજ પર આવેલ SAVARKUNDLA સ્થાને ડિઝિટલ સ્ટેમ્પ પર SAVERKUNDLA અને ડિઝિટલ સિગ્નેચરમાં SAWARKUNDLA જોવા મળે છે.

તેમજ ગુજરાત સરકારની ભરતી વેબસાઈટ OJAS માં પણ તાલુકાના નામમાં SAVERKUNDLA જોવા મળે છે. તો આવી ભૂલો વેરિફિકેશન પ્રોસેસ કરતાં કર્મચારીઓનાં કાર્ય પર સવાલ ઉભા કરે છે.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### એસપીની સુચનાથી સીટી પોલીસનો સપાટો

# અમરેલીમાં ક્રિકેટ મેચ ઉપર જુગાર રમાડતા શખ્સની અટકાયત

**રૂપિયા ૩૦ હજારનો મુદ્દામાલ કબ્જે થયો**




અમરેલી, તા. ૩

અમરેલી પોલીસ અધિક્ષક હિમકર સિંહએ જુગારની ગેરકાયદેસર પ્રવૃતિ કરતા ઈસમો ઉપર વોચ ગોઠવી તેમના ઉપર રેઈડ કરવા સુચના અને માર્ગદર્શન આપેલ હોય, અમરેલી સીટી પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેકટર ડી.વી.પ્રસાદની રાહબરી હેઠળ અમરેલી સીટી પોલીસ સ્ટેશનની સર્વેલન્સ ટીમે ગઈ ગત તા.૨ ના બાતમી હકીકત આધારે અમરેલી ટાઉનમા ચક્કરગઢ રોડ પર આવેલ પેજા એન્ટરપ્રાઈઝની પાસેથી આઈ.પી.એલ. ની ગુજરાત ટાઈટન અને દિલ્લી કેપીટલ વચ્ચેની લાઈવ ક્રીકેટ મેચ ઉપર પોતાના એન્ડ્રોઈડ ફોનમાં ક્રિકેટ મેચ ઉપર સટ્ટાનો જુગાર રમી રમાડતા અજયભાઈ પ્રફુલભાઈ તન્ના (રહે.સાવરકુંડલા) વાળા ઈસમને રોકડ રકમ રૂા.૧૦,૦૫૦ તથા એન્ડ્રોઈડ મોબાઈલ ફોન કિમત રૂા.૨૦,૦૦૦ મળી કુલ રૂપિયા ૩૦,૦૫૦ ના મુદ્દામાલ સાથે પકડી પાડી તેના વિરૂધ્ધમાં ધોરણસર કાર્યવાહી કરેલ છે.

# ગીર સોમનાથ : એલસીબીએ વચગાળાનાં જામીન પરથી ફરાર થયેલ કેદીને ઝડપી લીધા

ઉના, તા. ૩

એલ.સી.બી.નાં પોલીસ ઈનસ.એ.એસ.ચાવડાનાં માર્ગદર્શન મુજબ પોલીસ સબ ઈન્સ. વી.કે. ઝાલા તથા ટીમનાં માણસો પેટ્રોલીંગમાં હોય તે દરમ્યાન પોલીસ હેડ કોન્સ. પ્રફુલભાઈ વાઢેર, પ્રવિણભાઈ મોરી, રાજુભાઈ ગઢીયા, તથા પોલીસ કોન્સ. સંદિપસિંહ ઝણકાટ તથા પેરોલ ફર્લોનાં પોલીસ હેડ કોન્સ. જયરાજસિંહ ગોહિલ, ભાવેશભાઈ મોરીનાઓએ મળેલ સંયુકત બાતમી આધારે ગીરગઢડા પોલીસ સ્ટેશન ગુ.ર.નં.ફ.૪૭/૨૦૧૨ આઈ.પી.સી.કલમ – ૩૦૨, ૧૨૦(બી), ૧૪૩ વિ.મુજબનાં કામે રાજકોટ મધ્યસ્થ જેલ ખાતે આજીવન કેદની સજા ભોગવતા ભીખાભાઈ વીરાભાઈ વાજા રહે. આંકોલાળી, તા.ગીરગઢડા, તા.૯/૭/૨૦૨૨ ના રોજ જેલ ખાતે હાજર થવાનાં બદલે વચગાળાનાં જામીન પરથી ફરાર થયેલ હોય જેને એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એસ. ચાવડા, પોલીસ સબ ઈન્સ.



વી.કે. ઝાલા, એ.એસ.આઈ. મેસુરભાઈ વરૂ, પોલીસ હેડ કોન્સ. પ્રવિણભાઈ મોરી, પ્રફુલભાઈ વાઢેર, રાજુભાઈ ગઢીયા, શૈલેષભાઈ ડોડીયા, ભુપેન્દ્રસિંહ ચાવડા તથા પોલીસ કોન્સ. સંદિપસિંહ ઝણકાટ, ઉદયસિંહ સોલંકી તથા પેરોલ ફર્લોનાં પોલીસ હેડ કોન્સ. જયરાજસિંહ ગોહિલ, ભાવેશભાઈ મોરી સહિતનાઓએ ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

# સાવરકુંડલા ખાતે સમર્પણ ધ્યાનયોગ પરિવાર દ્વારા સમર કેમ્પ યોજાયો





સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલા સમર્પણ ધ્યાનયોગ પરિવાર દ્વારા પરમ પૂજય શ્રી શિવકૃપાનંદસ્વામીજીની કૃપાથી સમર કેમ્પનું ભવ્ય આયોજન થયેલ. જેમાં આઠથી બાર વર્ષના સત્તાવન બાળ કોએ ભાગ લીધો હતો. જેમાં અનેકવિધ પ્રવૃત્તિઓ દ્વારા બાળકોમાં રહેલી સર્જનાત્મકતા અને ઊર્જા બહાર આવે એવા પ્રયત્નો કરવામાં આવેલ. વિવિધ કલાઓ, મૂલ્યલક્ષી વાતો તેમજ ધ્યાન વિશે બાળકોને શિક્ષિત કર્યા હતા. સમર કેમ્પના અંતિમ દિવસે સાવરકુંડલાના તાલુકા વિકાસ અધિકારી કે. પી. પરમાર વિશેષ રીતે ઉપસ્થિત રહી બાળ કોને પ્રોત્સાહિત કર્યા હતા. સમર્પણ ધ્યાન પરિવાર દ્વારા પરમારને શ્રી શિવકૃપાનંદ સ્વામીજી લેખિત અમૂલ્ય ગ્રંથ ' હિમાલયનો સમર્પણ યોગ' ભેટ આપવામાં આવેલ. આ સમર કેમ્પમાં બાળકોના ખ્યાતનામ ડોકટર હિતેશ રાજપુરા તેમજ સમર્પણ ધ્યાનયોગ પરિવારના સાધકો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમર કેમ્પના ત્રીજા દિવસે બાળકોના માતા–પિતા માટે Spiritual Parenting અર્થાત્ આધ્યાત્મિક પરવરિશ વિષય પર સાવરકુંડલાની આર્ટસ એન્ડ કોમર્સ કોલેજના પ્રોફેસર ડોકટર અર્જુનસિંહ પરમાર દ્વારા સુંદર વ્યાખ્યાન યોજાયું હતું. જેમાં બાળકોના માતા–પિતાને પણ ખૂબ મજા આવી હતી. આ સમર કેમ્પને સફળ બનાવવા માટે સાવરકુંડલા સમર્પણ કેન્દ્રના આચાર્ય દિપ્તીબેન પરમાર, બાલ સંસ્કાર કેન્દ્રના કો–ઓર્ડીનેટર માધુરીબેન મસરાણી તેમજ સાધકોએ ખૂબ જહેમત ઊઠાવી હતી.

### ઉના શહેરમાં બનેલ ઘટનાની તપાસની માંગ

# દુકાનમાંથી ખરીદાયેલ ટોસ ભટરમાં પથ્થરનાં ટુકડા નીકળતાં મામલો ગરમાયો

**બેકરીનાં માલીકે પ્રકરણને દબાવવાનો કર્યો પ્રયાસ**

ઉના, તા. ૩

ઉનાના દેલવાડા ગામે બાળ કે ટોસ ખાતાં પથ્થરના ટુકડા નિકળતાં ચોંકી ઉઠયાં, બેકરીના માલીકને ફરીયાદ કરતાં ભીનું સંકેલવા પ્રયાસ ઉનાના દેલવાડા ગામે આવેલ દુકાનમાંથી ટોસ ભટરનું પેકેટ નાસ્તા માટે મહીલાએ લીધા બાદ મહીલા બાળકે ચા સાથે ભટરનું પેકેટ ખોલતા તેમાંથી માર્બલ પથ્થરના ચોટેલા કટકા બાળકના મોઢામાં આવતાં તાત્કાલીક બહાર કાઢી દુકાનદારને આ બાબતે જાણ કરતા દુકાનદારે બેકરીના માલીકને ફરીયાદ કરતા આ પેકેટ લઈ મહીલા બેકરીના માલીક પાસે પહોંચી હતી. ત્યાં તેને આ બાબતે ભીનું સંકેલી લેવા જણાવતા આ ઘટના મીડિયા સુધી પહોંચતા ખાદ્યપદાર્થોમાં રખાતી બેદરકારી બહાર આવી હતી. ઉના નજીકના દેલવાડા ગામે રહેતી અને મજુરી કામ કરતી મહીલાએ નજીકની એક દુકાનમાંથી રૂ.૧૦ નું ટોસ ભટરનું પેકેટ ખરીદેલ હતું અને ઘરે જઈ ચા સાથે ટોસ ભટર પોતાના બાળકને આપતા આ ટોસ ભટરમાં માર્બલ પથ્થરના ટુકડા ચોંટેલા હોય તે બાળકના મોઢામાં આવતા તાત્કાલીક માતાને વાત કરતા આ બાબતે મહીલાએ દુકાનના માલીક પાસે ભટરનું પેકેટ લઈ બતાવતા તેણે આ ટોસ ભટર ઉના નજીક આવેલી દેલવાડા રોડ પરની એક બેકરીમાંથી આવતા હોવાનું જણાવતા આ મહીલા પેકેટ લઈને બેકરીના માલીકને ફરીયાદ કરવા પહોંચી હતી. બેકરી માલીકે ટોસ ભટરમાં નિકળેલા માર્બલના ટુકડા જોઈ થોડીવાર આશ્ચર્યજનક ઘટના જણાવી આ પ્રકરણને જતુ કરવા ગલ્લા તલ્લા



તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

કરી ભીનું સંકેલી લેવા જણાવેલ હતું. પરંતુ આખા પેકેટમાં ટોસ ભટરમાં માર્બલ પથ્થરના કટકા હોય લોકોના આરોગ્ય સાથે ખુલ્લે આમ ચેડા કરી સામાન્ય ઘટનામાં જણાવતા મહીલા આ બેકરી સંચાલક સામે તાત્કાલીક આરોગ્ય વિભાગ અને ખાદ્ય ચિજવસ્તુ નિયંત્રણ અધિકારી તાત્કાલીક તપાસ કરે તેવી માંગણી સાથે મીડિયા સુધી આ ઘટના પહોંચાડી લોક જાગૃતિ દાખવી હતી. આ બાબતે બેકરી સંચાલક ગીરીશ ટેવાણીએ પોતાની બેકરીમાં બનતી ટોસ ભટરની આઈટમમાં સુધ્ધ અને ચોખાઈ રાખવાને બદલે આ ઘટના દબાવા મહીલાએ પૈસા માંગ્યા હોવાનો બચાવ કરી આ ઘટના દબાવી દેવા પ્રયાસ કર્યો હતો. આ અંગે ભોગ બનનાર મહીલા અમીનાબેન ચૌહાણએ ટોસ ભટર ઉપર ચોટેલા માર્બલ પથ્થરના કટકા પુરાવા સાથે પેકેટ લઈને બેકરીના માલીક પાસે પહોંચી હોવા છતાં આ પ્રકરણને ભીનું સંકેલી લેવા પ્રયાસ કરેલ એ વખતે મહીલાએ જણાવેલ કે આ ઘટના અમારી સાથે બની છે. ભવિષ્યમાં અન્ય ગરીબ પરીવારો આવી ઘટનાનો ભોગ ન બને તેવા હેતુ સાથે જવાબદાર તંત્રએ આ બેકરીની બનતી આઈટમની તપાસ કરવી જોઈએ. જેથી લોકોના આરોગ્ય સાથેથતા ચેંડા અટકાવી શકે.

### ઘાંટવડ ગામનાં મંદિર નજીકથી દબોચી લેવાયા

# કોડિનાર : છેલ્લાં ૪ વર્ષથી ઘરફોડ ચોરીનાં નાસતા–ફરતાં ૩ આરોપીની અટકાયત

**ઝડપાયેલ આરોપીઓમાં ૨ મહિલાનો સમાવેશ**

ઉના, તા. ૩

કોડીનાર પોલીસ સ્ટાફ પો.સ્ટે. વિસ્તારમાં પેટ્રોલિંગમાં હતા. તે દરમ્યાન મળેલ સંયુકત બાતમી આધારે ચોરવાડ પો.સ્ટે. ગુ.ર.નં.ફ. ૨૨/૨૦૧૯ આઈ.પી.સી. ક. ૩૮૦, ૪૫૪, ૧૧૪ મુજબનાં ગુન્હાના કામનો છેલ્લાં ચારેક વર્ષથી નાસતા ફરતા આરોપીઓને ઘાંટવડ ગામે ખોડિયાર મંદિર પાસેથી પકડી પાડી મજકુર ત્રણેય ઈસમોને સી.આર.પી.સી. ક.૪૧(૧)(આઈ) મુજબ અટક કરી, ચોરવાડ પો.સ્ટે.ને આરોપી મેળવી લેવા


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

તજવીજ કરવામાં આવેલ છે. આરોપીઓ : ૧.ધમાભાઈ સોનીયાભાઈ ચૌહાણ, ૨. રાખીબેન વાઓ ધમાભાઈ સોનીયાભાઈ ચૌહાણ, ૩. ઓજલબેન વાઓ અરૂણભાઈ ધમાભાઈ ચૌહાણ.

### દેશી જામનગરી બંદુક સાથેનો

# ઉનાનાં ગાંગડા ગામનાં શખ્સને સોશ્યલ મીડિયામાં વિડીયો વાયરલ કરવો ભારે પડયો

**સ્પેશ્યલ ઓપરેશન ગૃપ દ્વારા ગુન્હો નોંધાયો**

ઉના, તા. ૩

ગીરસોમનાથ એસ.ઓ.જી. દ્વારા જુદા – જુદા સોશ્યલ મિડીયા સતત વોચ રાખવામાં આવતી હોય, અને જિલ્લામાં થોડા સમય અગાઉ એક ઈસમે સોશ્યલ મિડિયામાં હથીયાર સાથેનો વિડીયો જોવામાં આવતા ગીરસોમનાથ એસ.ઓ.જી. ઈન્ચાર્જ પોલીસ ઈનસ. એ.બી.જાડેજાના માર્ગદર્શન અનુસાર સદર ઈસમની ગુપ્ત વોચ રાખેલ, દરમ્યાન તા.૩/૫/૨૦૨૩ ના એસ.ઓ.જી. સ્ટાફનાં એ.એસ.આઈ. ઈબ્રાહીમશા બાનવા તથા લખમણભાઈ મેતા તથા વિજયભાઈ બોરખતરીયા તથા કેતનભાઈ જાદવ તથા ગોવિંદભાઈ રાઠોડ તથા નરવણસિંહ ગોહિલ તથા ગોવિંદભાઈ વંશ તથા નારણભાઈ ચાવડા તથા પોલીસ હેડ કોન્સ. સુભાષભાઈ ચાવડા તથા


તસ્વીર : ધર્મેશ જેઠવા–ઉના

કમલેશભાઈ પીઠીયા તથા પોલીસ કોનસ. મેહુલસિંહ પરમાર તથા અમુભાઈ શીંયાળએ રીતેનાં પોલીસ સ્ટાફ સાથે એસ.ઓ.જી. લગત કામગીરી સબબ ઉના વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા, દરમ્યાન પોલીસ હેડ કોન્સ. સુભાષભાઈ ચાવડા તથા એ.એસ.આઈ. ઈબ્રાહીમશા બાનવાની સંયુકત બાતમી આધારે પ્રદીપ ઉર્ફે પીયુષ રાવતભાઈ ગોહેલ, રહે. ગાંગડા, તા.ઉના ગે.કા.લાયસનસ કે પરવાનાં વગર દેશી જામગરી બંદુક–૧, કિં.રૂા.૧૦,૦૦૦ ના હથિયાર મુદામાલ સાથે પકડી પાડી આરોપી વિરૂધ્ધ ઉના પોલીસ સ્ટેશનમાં આર્મ્સ એકટ મુજબ ગુન્હો રજી. કરાવેલ.

## કિરણ પટેલ બાદ સંજય શેરપુનીયાએ ઉપાડો લીધો

# મજબૂત સરકાર છતાં મહાઠગ કેવી રીતે ફાવી જાય છે ?

**મહાઠગનાં કનેકશન સત્તાધારી પક્ષનાં આગેવાનો અને અધિકારીઓ સાથે જ જોડાયેલા જોવા મળે**

**દેશનાં કરોડો પરિવારોને બે ટંક ભોજનની મુશ્કેલી ને મહાઠગો પાસે કરોડો રૂપિયાની સંપત્તિ આવી જાય**

**દેશની તિજોરી ઉપર મહાઠગ પંજો પાડીને અડિખમ સરકારને લલકારી રહ્યા છે**

**કેન્દ્ર અને તમામ રાજય સરકારે દેશની જનતાનાં રૂપિયા ઘરભેગા કરનાર મહાઠગો વિરૂધ્ધ અભિયાન શરૂ કરવું જરૂરી**

અમરેલી, તા. ૩

દેશમાં કિરણ પટેલનાં કારનામાથી સૌ દેશવાસીઓ વાકેફ છે. તેવા જ સમયે વધુ એક મહાઠગ સંજય શેરપુનીયા નામનાં ઠગનાં કારનામા ક્રમશઃ પ્રકાશમાં આવી રહ્યા છે.

એક તરફ સરકાર અડિખમ હોવાનો દાવો કરે પ્રધાનમંત્રી એમ કહે કે સરકારી તિજોરી ઉપર કોઈનો પંજો પડવા નહી દઉં. મજબૂત અને નીતિવાન સરકારનાં પ્રબળ દાવા વચ્ચે એક પછી એક મહાઠગ કરોડો રૂપિયા કેવી રીતે ઘરભેગા કરી રહ્યાં છે.

દેશનાં કરોડો પરિવારોને બે ટંકનાં ભોજનની મુશ્કેલી છે તેવા સમયે કિરણ પટેલ અને સંજય શેરપુનીયા જેવા ઠગ કેવી રીતે સરકારી યોજના ધ્વારા કૌભાંડ કરી રહ્યા છે તે દેશવાસીઓ સમજી શકતા નથી.

સૌથી વધુ આશ્ચર્ય એ છે કે, મહાઠગનાં કનેકશન સત્તાધારી પક્ષનાં આગેવાનો તેમજ ઉચ્ચ અધિકારીઓ સાથે હોવાનાં આધાર–પુરાવા પણ મળી રહ્યા હોય સરકારે સમગ્ર દેશમાં મહાઠગ અને તેમને પ્રત્યક્ષ કે પરોક્ષ મદદરૂપ થનાર કે તેનો લાભ લેનાર તમામ વિરૂધ્ધ ભગવાન શ્રી રામની સાક્ષીએ અભિયાન ચલાવીને દેશમાં રામરાજય ચાલી રહ્યું છે તે સાબિત કરવું જોઈએ તેવું દેશવાસીઓ ઈચ્છી રહ્યાં છે.

### આઝાદીનાં અમૃત મહોત્સવ અંતર્ગત

## અમદાવાદ ખાતે ક્રિષ્ણા કલા કલમ સંસ્થા દ્વારા બાળચિત્ર પ્રદર્શનનો પ્રારંભ થયો

**૧૦ થી ૧૭ વર્ષનાં બાળકો સુંદરચિત્ર રજુ કરશે**

અમરેલી, તા. ૩

આજની દુનિયાનો માનવી સતત આગેકુચ કરી રહયો છે. હરણફાળ સફળતાની દિશામાં આગળ વધી રહયો છે. ઓછા પરિશ્રમે વધુ સફળતા – સગવડો માટે મથી રહયો છે. સારી બાબત ગણીએ, પણ આ સુખ–સાયબી મેળવવાની ઘેલછામાં જો આપણી માનસિક – આંતરિક શાંતિ હણાઈ જાય તો આ બધાં સુખો – સગવડો વ્યર્થ છે. આ તમામ ભૌતિક સુવિદાઓ નકામી છે. બધાં જ પ્રકારની ભૌતિક સાયબી મેળવ્યા પછી પણ માનસિક શાંતિ અને શારિરિક સુખ માટે યોગ–આસન અને વ્યાયામનો સહારો લેવો પડે. આમાં નિયમિતતા જળવાતી નથી, પરિણામે શરીર કથળે છે. આના કરતા તો આજથી ચાલીસ પચાસ વર્ષ પહેલાંની જીવન શૈલી, જીવન જીવવાની ઢબ સારી હતી. વ્યાપામ, યોગાસનો અને ધ્યાન આડકતરી રીતે રોજ–બરોજનાં કામકાજ સાથે વણાઈ ચુકયાં હતાં. રોજીંદા જીવનની એક ઢબ બની ગયાં હતા. હાલ પણ અંતરિયાળ વિસ્તારમાં આવી સુંદર જીવન શૈલીથી જીવનાર માનવી ઉમંગ સાથે રહે છે.

ક્રિષ્ણા કલા કલમ ઈશ્વરીય ફૂલો સમાન બાળ ચિત્રકારોને પોષવાનું કામ, ચિત્રકળાની તાલીમ આપવાનું કામ છેલ્લા ૨૯ વર્ષથી કરતી રહી છે. કામ કરવું, કામ જુદી જુદી ઢબે કરાવવું અને તે પણ શ્રેષ્ઠ રીતે જ કરાવવું તે અમારી સંસ્થાની ખાસિયત રહી છે. અત્યાર સુધીમાં જુદા જુદા વિષયો લઈને ૧૫ જેટલા ચિત્ર પ્રદર્શનોનાં આયોજન કરી ચુકી છે. આ વર્ષે પણ અમારા બાળ કલાકારોએ નોખા વિષયને વારલી શૈલીમાં કંડાર્યા છે. સંસ્થાનાં કલાપ્રેમી બાળકોએ આ વખતે પેપર પર નવતર સર્જનો કર્યા છે. આઝાદીનાં અમૃતમહોત્સવ અંતર્ગત ગામડાની જીવન જીવવાની ઢબછબને વારલી ચિત્ર શૈલીમાં રજુ કરવા પ્રયત્ન કર્યો છે. રોજીંદા જીવનનાં સ્વકાર્યોને સુંદર રીતે કંડાર્યા છે. આ ઉચ્ચ કોટીની જીવન પધ્ધતિના વિષયો પર ચિત્રો થકી બાળકોએ લોક માનસને જાગૃત કરવાનો પ્રયાસ કર્યો છે. કુવામાંથી પાણી ખેંચતી સ્ત્રીઓ, રોટલા બનાવતી માં ખેતમજુરી કરતા ખેડૂતો, પંખીઓને ચણ, અનાજ દળવું કે ખાંડવું, નાવ હરિફાઈ, બળદગાડાની સ્પર્ધા, પૈડું રમતા છોકરાઓ, ગીલીડંડાની રમત ચુંઈ, ગોવાળ, દુધ વેચનારા, શાકભાજી વેચનારા, બકરી ચરાવનાર, નાચગાન કરનાર, પુજા કરનાર, ઝાડપર રમતાં છોકરાઓ, પર્વત પર ચઢતા બાળકો, તળાવમાં નાવાનો આનંદ જેવા અનેક દરરોજની જીવન શૈલીમાં ટેવાઈ ગયેલા વિષયો પર સુંદર ચિત્રો ચીતર્યા છે. આવી ઢબછબની જીંદગીથી કંટાળો નથી આવતો અને શારીરિક પરિશ્રમ, યોગાસનો અને ધ્યાન જેવી બાબતો આડકતરી થઈ જાય છે. જેથી મન અને તન અતિ સમૃધ્ધ બને છે. દરેક બાળ કલાકારે પોતાની સુઝબૂઝથી સુંદર રચના વડે શુભ સંદેશ આપવાનો પ્રયાસ કર્યો છે.

કૌશિક પટેલ 'માલવણિયા' ના માર્ગદર્શન હેઠળ ક્રિષ્ણા કલા કલમના આયોજનથી 'ઢબછબ' ૧૬મું બાળ ચિત્ર પ્રદર્શન–૨૦૨૩નું ઉદઘાટન તારીખ–૨, મે ૨૦૨૩ને મંગળવારે સાંજનાં ૫ઃ૩૦ કલાકે, અમદાવાદની ગુફા, (કસ્તુરભાઈ લાલભાઈ કેમ્પસ, ગુજરાત યુનિવર્સિટીની સામે, નવરંગપુરા, અમદાવાદ–૩૮૦૦૦૯) ખાતે થઈ રહયું છે. આ પ્રસંગને દીપાવવા ગુજરાતના ખ્યાતનામ સાહિત્યકાર પ્રફુલ્લભાઈ રાવલ, સમાજસેવક દિનેશભાઈ ગુપ્તા, જાણિતા કોલમીસ્ટર આદરણીય પ્રીતિબેન શાહ, મંડાલા આર્ટિસ્ટ શ્રીદેવી પારેખ અને પ્રસિધ્ધ ચિત્રકાર જય પંચોલી ઉપસ્થિત રહી બાળ કલાકારો બિરદાવશે. બાળકોની આ ચિત્ર કૃતિઓને મન ભરીને નિરખવા, કલાપ્રેમીઓ, કલારસિકો અને નગરજનોને ઉરનાં ઉમંગ સાથે હાજર રહેવાનાં છે. સંસ્થા દ્વારા આયોજીત ઢબછબ ૧૬મું બાલચિત્ર પ્રદર્શન–૨૦૨૩ તા.૩ મે–૨૦૨૩ને બુધવારથી ૭ મે –૨૦૨૩ ને રવિવાર સુધી સાંજનાં ૪ થી ૮ કલાક સુધી કળાચાહક નગરજનો માટે ખુલ્લુ રાખવાં આવશે.

દસથી સત્તર વર્ષની ઉમરનાં પચ્ચીસ બાળકોએ ઘણાબધા દિવસો મહેનત કરીને આ સુંદર ચિત્રો ચીતર્યા છે. આ મહેનતું બાળકલાકાર કાયરા બંશલ, આહાન દિવાનજી, આર્યન મહેતા, આયાન દિવાનજી, શૈવી પટેલ, ધ્યાના ચોકસી, ઉત્પલ માછી, તેજસ્વીની કુંવર, અસ્મિતા માવી, તેજસ્વી દેશમુખ, એન્જલ કુંવર, પ્રશંસા વડવી, સુરેશ ડામોર, પ્રકૃતિ વસાવા, રીયા નાયક, ગૌરીશા બામણિયા, નિરૂપા ગોરાડ, પ્રિન્સ વાનવી, પાયલ ડાકી, પ્રતિ વાલા, પલ્લવી રજવાડી, માનસી પાનેલીયા, પ્રાંશી સોની, સરાયું પરમાર, અને આશય મહેતાને પ્રોત્સાહિત કરવા બિરદાવવા આપણાં સૌની, સમાજની ફરજ છે. આપ પણ યોગ્ય કવરેજ આપી બાળકોને પ્રોત્સાહિત કરશો તો ખુબ જ આનંદ થશે. સહયોગની અપેક્ષા સહ.

## સા.કુંડલા : હોમગાર્ડ જવાનની સતર્કતા સાથે પ્રમાણિકતા



સાવરકુંડલા, તા. ૩

સાવરકુંડલામાં શિવાજીનગરમાં રહેતા અને પૂર્વ નગરસેવક તથા સગર સમાજના યુવા કાર્યકર વિજય રાઠોડ દ્વારા માનવીય મૂલ્યોનો હજી પણ નાશ થયો નથી. તે બાબતનું ઉદાહરણ પૂરૂં પાડ્યું છે કે જે લગભગ હવે વિસરાતા જાય છે અને કયાંક કયાંક ખારા રણમાં મીઠી વીરડી સમાન કિસ્સાઓ જાણવા મળે છે ત્યારે તેની સમાજે નોંધ લેવી જ પડે. બન્યું એવું છે કે વિજય રાઠોડ પોતાની ડયુટી ઉપર હતા ત્યારે જાહેર રોડ ઉપર એક બેગ રેઢી મળી આવી. આસપાસ પૂછપરછ કરી તો કોઈની ન હતી.

બાદમાં હોમગાર્ડ કચેરીએ જમાં કરાવી બધાની હાજરીમાં ચેક કરી તો ૧૦૦૦૦૦/– રૂપિયા જેટલી રોકડ રકમ અને કપડાં અને જરૂરી ડોક્યુમેન્ટ્સ હતા. થોડા સમયમાં એક ગોધરા પંથકનો ખેતમજૂર કે જે પોતે રાખેલ ભાગિયા તરીકે ની જમીનમાંથી ખેત પેદાશનો હિસાબ વેપારી પાસેથી લઈ ગામડા તરફ બાઈક લઈને જતો હતો ત્યારે બેગ પડી ગયેલ. પોતાની રકમ સાથેની બેગ સલામત મળતા આંખમાં આંસું આવી ગયા હતા. વિજય રાઠોડને ભેટી પડયો હતો અને દિલથી આભાર માન્યો હતો.

## બાબરા : પેન્શનર ભાઈઓ–બહેનોએ SBIમાં હયાતીની ખરાઈ કરાવી લે

બાબરા, તા. ૩

બાબરા તાલુકાના દરેક પેનશર ભાઈઓ બહેનો ને તાલુકા પેનશર મડળ ના પ્રમુખ બાવકુભાઈ ત્રિવેદી દ્વારા જાહેર અનુરોધ કરતા જણાવ્યું છે કે બાબરા એસ બી આઈ બેન્ક માં પેનશર ની હયાતી ની ખરાય શરૂ થયેલ છે તો દરેક પેનશર દ્વારા એસ બી એ બેંકના સમય મર્યાદામાં પોતાની હયાતી ની ખરાય કરી લેવી તેમજ દરેક પેનશર દ્વારા પોતાના વરસાદ ની નોંધ પણ અચૂક કરાવી લેવા જણાવ્યું છે

### ચકલી બચાવો અંતર્ગત પ્રેરણાદાયી કાર્ય

## અમરેલીમાં સંકલ્પ ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા ચકલી ઘર તથા પાણીનાં કુંડાનું વિતરણ

**નિવૃત્ત પીએસઆઈ મુકેશભાઈ ગોહિલનાં હસ્તે પ્રારંભ**





અમરેલી, તા. ૩

અમરેલી શહેરની સેવાભાવી સંસ્થા સંકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ અમરેલીના પ્રમુખ મયુરભાઈ એમ. ગોહિલ એડવોકેટ અમરેલી દ્વારા ચકલી બચાવો અભિયાન અંતર્ગત ચકલી ઘર તથા પાણીના કુંડાનું ચિતલ રોડ, અંધશાળા સામે, ડો.બી.આર.આંબેડકર સમાજ વાડી અમરેલી ખાતે વિતરણ કરવામાં આવેલ. આ તકે પૂર્વ પી.એસ.આઈ. મુકેશભાઈ ગોહિલના હસ્તે આ કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવેલ હતો. દરમિયાન આ કાર્યક્રમમાં પાલજીભાઈ ગોહિલ તથા અમરાભાઈ બી. ગોહિલ તથા પૂર્વ એ.એસ.આઈ.કેશુભાઈ ગોહિલ તથા દલિત વાચા સાપ્તાહિકના તંત્રી જયંતીભાઈ ગોહિલ, એડ.નવચેતનભાઈ પરમાર, જીતુભાઈ પ્રિયદર્શી, કે કે વાળા, વિકી ભાઈ ચાવડા, જય ભીમ એમ્બ્યુલન્સ મનીષભાઈ ગોહિલ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ જયંતીભાઈ રાણવા, હિતેશભાઈ એમ સોલંકી, રાજુભાઈ વી પરમાર, મનસુખભાઈ, ડો.ભાનુભાઈ કિકાણી, શકિત ગૃપના પ્રમુખ અશોકભાઈ વાળા, સમર્પણ સેવા ચેરીટેબલ ટ્રસ્ટના પ્રમુખ જીગ્નેશભાઈ દાફડા તથા તેની ટીમ તેમજ દિલીપભાઈ ગોહિલ, ડી ડી રાઠોડ, ભોજાભાઈ પડાયા, મુકેશભાઈ બગડા, સહિતના તમામ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન સંકલ્પ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા કરવામાં આવેલ હતું અને દરેકે ખાસ જહેમત ઉઠાવીને આ કાર્યક્રમને સફળ બનાવેલ હતો સંસ્થાના પ્રમુખ મયુરભાઈ ગોહિલે જણાવ્યું હતું કે દર વર્ષે કાળઝાળ ગરમીમાં અને ધોમધખતા તાપમા હજારો પક્ષીઓ મરી જાય છે ત્યારે ૨૦૦ થી પણ વધારે ચકલી ઘર અને પાણીના કુંડાનું વિતરણ કરવામાં આવે છે તેમ મુકેશભાઈ ગોહિલ તથા કેશુભાઈ ગોહિલ તેમજ દલિત વાચાના તંત્રી જયંતીભાઈ ગોહિલની યાદીમાં જણાવ્યું હતું.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી
ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ
વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે
વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે
આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં
ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧
પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦
















### હવામાન વિભાગનું ચક્રવાતને લઈને નવું અપડેટ

# ૨૦૨૩નું પ્રથમ વાવાઝોડું મોચા મે માસમાં આવવાની આગાહી

### લો પ્રેશર ચક્રવાતી વાવાઝોડાનું રૂપ ધારણ કરે તેવી સંભાવના

નવી દિલ્હી, તા.૩

ભારતીય હવામાન વિભાગે ગઈકાલે ચક્રવાતી વાવાઝોડાને લઈને એક નવું અપડેટ આપ્યું છે. આઈએમડીએ જણાવ્યું છે કે, ૬ મેની આસપાસ દક્ષિણપૂર્વ બંગાળની ખાડીમાં ચક્રવાત સર્જાય તેવી શક્યતા છે અને તેના પરિણામે આગામી ૪૮ કલાકમાં હવાનું નીચું દબાણ વિસ્તાર બનવાની શક્યતા છે. વર્ષ ૨૦૨૩નું પ્રથમ ચક્રવાતી વાવાઝોડું મે મહિનામાં આવવાની આગાહી કરવામાં આવી છે.

આઈએમડીઅનુસાર, ૯ મેના રોજ બંગાળની ખાડી પર ચક્રવાત સર્જાવાની સંભાવના છે. આ અંગે આઈએમડીના મહાનિર્દેશક મૃત્યુંજય મહાપાત્રાએ કહ્યું, 'ઘણી સિસ્ટમોએ આ ચક્રવાત વિશેની આગાહી કરી છે. તેમજ અમે તેના પર સતત નજર રાખી રહ્યા છીએ અને આ બાબતે અપડેટ્સ થશે તેમ તેમ જાણવામાં આવશે.' આગાહી પછી, ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે અધિકારીઓને આ આફત સામે તૈયાર રહેવા જણાવ્યું છે.

આંતરરાષ્ટ્રીય હવામાનશાસ્ત્રીઓએ મે ના બીજા સપ્તાહમાં ચક્રવાતી વાવાઝોડાની આગાહી કરી છે. હવામાન શાસ્ત્રીઓએ કહ્યું છે કે, આ સપ્તાહના અંત સુધીમાં દક્ષિણ બંગાળની ખાડી પર નીચા દબાણનું ક્ષેત્ર બની શકે છે. વૈજ્ઞાનિકોએ કહ્યું છે કે, લો પ્રેશર ચક્રવાતી વાવાઝોડાનું રૂપ ધારણ કરે તેવી પ્રબળ સંભાવના છે. આ ચક્રવાતની અસર પૂર્વ ભારતથી બાંગ્લાદેશ અને મ્યાનમાર સુધી લંબાય તેવી શક્યતા છે.

### ઉત્તર કન્નડ જિલ્લાના કર્ણાટકના અંકોલામાં રેલીમાં વડાપ્રધાનનું સંબોધન

# ભાજપને હરાવી શકતી નથી, તેથી કોંગ્રેસ અપશબ્દો બોલે છે : મોદી

### અમારું કોઈ રિમોટ કંટ્રોલ નથી, ૧૪૦ કરોડ હિન્દુસ્તાનીઓ મારા રિમોટ કંટ્રોલ છો : વડાપ્રધાન નરેન્દ્ર મોદીના કર્ણાટકમાં કોંગ્રેસ પર આકરા પ્રહાર

અંકોલા, તા.૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે ઉત્તર કન્નડ જિલ્લાના કર્ણાટકના અંકોલામાં રેલીમાં સંબોધન કર્યું હતું. આ દરમિયાન તેમણે કોંગ્રેસ પર જોરદાર પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે, કોંગ્રેસ ભાજપને હરાવી શકતી નથી, તેથી કોંગ્રેસ તેમને અપશબ્દો બોલે છે, આ માટે કર્ણાટકના મતદારો તેમને પાઠ ભણાવશે. મોદીએ કહ્યું કે, વિપક્ષો માત્ર 'અપશબ્દોની પોલિટિક્સ' જાણે છે. તેઓ અમને હરાવી શકતા નથી, એટલે અમને અપશબ્દો બોલે છે. કર્ણાટકના લોકો અપશબ્દોના રાજકારણને નકારે છે અને મને અપશબ્દો બોલવા બદલ તમામ મતદારો કોંગ્રેસને પાઠ ભણાવશે.વડાપ્રધાન મોદીએ કહ્યું કે, કોંગ્રેસ-જેડીએસ સરકાર દરમિયાન કર્ણાટકમાં આશરે ૩૦ હજાર કરોડ રૂપિયાનું એફડીઆઈઆવતું હતું. જોકે અમને ત્રણ વર્ષ મળતાં એફડીઆઈ ત્રણ ગણો વધીને ૯૦ હજાર કરોડે પહોંચી ગયો... આવું થવાનું મુખ્ય કારણ કર્ણાટકનો વિકાસ ભાજપની પ્રથમ પ્રાથમિકતા છે. પીએમમોદીએ સંબોધનમાં કહ્યું કે, અમારું કોઈ રિમોટ કંટ્રોલ નથી. તમે ૧૪૦ કરોડ હિન્દુસ્તાનીઓ મારા રિમોટ કંટ્રોલ છો. તમે આદેશ આપતા અમે હિંદીમાં ભાષણ કરીશું. ૪૦ વર્ષ બાદ કોઈ પીએમઅહીં આવ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી ૫ મેના રોજ સાંજે બેંગ્લોર પહોંચશે. ત્યારબાદ બીજા દિવસે ૬ મેના રોજ ૨ રોડ શો કરશે. બેંગ્લોરમાં કુલ ૩૮ કિલોમીટર લાંબો રોડ શો કરશે. ૬ મેના રોજ સવારે પીએમબેંગ્લોરમાં ૮ કિલોમીટરનો રોડ શો કરશે. ત્યારબાદ તે જ દિવસે સાંજે તેઓ ૩૦ કિલોમીટરનો રોડ શો કરશે.

### શમીનો ઝંઝાવાત અને હાર્દિકની અડધી સદી એળે ગઈ

# ગુજરાત સામે દિલ્હીએ અંતિમ ઓવરમાં પાંચ રને રોમાંચક વિજય નોંધાવ્યો

### દિલ્હી માટે અમન હકિમ ખાનના સૌથી વધુ ૫૧ રન, ખલીલ અહેમદ અને ઈશાંત શર્માની બે-બે વિકેટ

નવી દિલ્હી, તા.૩

મોહમ્મદ શમીની ઝંઝાવાતી બોલિંગ તથા કેપ્ટન હાર્દિક પંડ્યાની અણનમ અડધી સદી છતાં ગુજરાત ટાઈટન્સને દિલ્હી કેપિટલ્સ સામે પાંચ રને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં મંગળવારે રમાયેલો મુકાબલો અત્યંત રોમાંચક રહ્યો હતો. જેમાં અંતિમ ઓવરમાં દિલ્હી ટીમે બાજી મારી હતી. આ મેચ લો-સ્કોરિંગ રહી હતી. દિલ્હીએ ટોસ જીતીને પ્રથમ બેટિંગનો નિર્ણય કર્યો હતો. જોકે, મોહમ્મદ શમીની તોફાની બોલિંગ સામે દિલ્હીના બેટર્સ નિષ્ફળ રહ્યા હતા. પરંતુ અમન હકિમ ખાનની અડધી સદીની મદદથી દિલ્હીએ ૨૦ ઓવરમાં ૮ વિકેટે ૧૩૦ રન નોંધાવ્યા હતા. જેના જવાબમાં ગુજરાતના બેટર્સનું પ્રદર્શન પણ નિરાશાજનક રહ્યું હતું. હાર્દિક પંડ્યા ૫૯ રન નોંધાવીને અણનમ રહ્યો હતો તેમ છતાં તે ટીમને વિજય અપાવી શક્યો ન હતો. ગુજરાતની ટીમ ૨૦ ઓવરમાં ૭ વિકેટે ૧૨૫ રન નોંધાવી શકી હતી. ગુજરાતને જીતવા માટે ૯ બોલમાં ૩૦ રનની જરૂર હતી ત્યારે રાહુલ તેવાટિયાએ ત્રણ બોલમાં ત્રણ સિક્સર ફટકારીને ગુજરાતને જીતની નજીક લાવી દીધું હતું. જોકે, અંતિમ ઓવર અનુભવી ઈશાંત શર્માએ કરી હતી. તેણે અંતિમ ઓવરમાં ૧૮ રનનો બચાવ કર્યો હતો અને ગુજરાતને વિજયથી વંચિત રાખ્યું હતું. ગુજરાત સામે ૧૩૧ રનનો લક્ષ્યાંક હતો અને હાર્દિક પંડ્યાની આગેવાનીવાળી ટીમની શરૂઆત પણ અત્યંત ખરાબ રહી હતી. રિદ્ધિમાન સહા ખાતું ખોલાવ્યા વગર આઉટ થયો હતો જ્યારે શુભમન ગિલ ૭ જ રન નોંધાવી શક્યો હતો. વિજય શંકર ૭ રન અને ડેવિડ મિલર ખાતું ખોલાવ્યા વગર પેવેલિયન ભેગા થયા હતા. ૩૪ રનમાં ગુજરાતે તેની ચાર મહત્વની વિકેટ ગુમાવી દીધી હતી. જોકે, કેપ્ટન હાર્દિક પંડ્યાએ એક છેડો જાળવી રાખ્યો હતો. હાર્દિકને પહેલા અભિનવ મનોહર અને બાદમાં રાહુલ તેવાટિયાનો સાથ મળ્યો હતો. જોકે, અણીના સમયે તેવાટિયા આઉટ થયો હતો અને ટીમને પરાજયનો સામનો કરવો પડ્યો હતો. મનોહર ૨૬ રન નોંધાવીને આઉટ થયો હતો. ગુજરાતને જીતવા માટે ૯ બોલમાં ૩૦ રનની જરૂર હતી ત્યારે તેવાટિયાએ સળંગ ત્રણ સિક્સર ફટકારી હતી. જેના કારણે ગુજરાતને ૭ બોલમાં ૧૮ રન જોઈતા હતા. જોકે, ઈશાંત શર્માએ અંતિમ ઓવર શાનદાર કરી હતી. તેણે તેવાટિયાને પેવેલિયન ભેગો કર્યો હતો. તેવાટિયાએ સાત બોલમાં ૨૦ રન ફટકાર્યા હતા. જ્યારે હાર્દિક પંડ્યા ૫૩ બોલમાં સાત ચોગ્ગાની મદદથી ૫૯ રન નોંધાવીને અણનમ રહ્યો હતો. દિલ્હી માટે ખલીલ અહેમદ અને ઈશાંત શર્માએ બે-બે તથા એનરિક નોર્ટજે અને કુલદીપ યાદવને એક-એક સફળતા મળી હતી.

### અતીક-અશરફની હત્યાની પોલીસ દ્વારા તપાસ

# અતીકનું પ્રયાગરાજ, માઉન્ટ આબુ, ગોવા અને વિદેશમાં કેટલીક હોટલોમાં રોકાણ

### પ્રયાગરાજના સિવિલ લાઈન્સ અને કાત્જુ રોડ પર આવેલી બે હોટલના માલિકોના અતીક અહેમદ સાથે ગાઢ સંબંધો હતા

નવી દિલ્હી, તા.૩

અતીક અહેમદ અને તેના ભાઈ અશરફ અહેમદની પોલીસ કસ્ટડીમાં હત્યા મામલે ઉત્તરપ્રદેશ પોલીસની ટાસ્ક ફોર્સ સતત તપાસ કરી રહી છે. અતીક અને તેના ભાઈ અશરફ અહેમદે કમાયેલી કાળી કમાણીની પણ તપાસ કરાઈ રહી છે. હવે આ મામલે એક મોટો ખુલાસો થયો છે કે અતીકે પ્રયાગરાજથી લઈને માઉન્ટ આબુ, ગોવા અને વિદેશમાં આવેલી કેટલીક હોટલોમાં પણ ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું. પ્રયાગરાજના સિવિલ લાઈન્સ અને કાત્જુ રોડ પર આવેલી બે હોટલના માલિકોના અતીક અહેમદ સાથે ગાઢ સંબંધો હતા. પોલીસ હવે તેમના દસ્તાવેજો ચકાસવામાં લાગી ગઈ છે. સૂત્રોના અહેવાલ અનુસાર શહેરમાં એક બિઝનેસમેનની અનેક હોટલ છે. અતીક તેની જ હોટલોમાં બેઠકો કરતો હતો. એવા અહેવાલ છે કે જે હોટલમાં અતીકે ઈન્વેસ્ટમેન્ટ કર્યું હતું એ જ હોટલમાં ગુડ્ડુ મુસ્લિમ છુપાયો હોઈ શકે છે.

### નબળા વૈશ્વિક સંકેતોથી સ્થાનિક શેરબજારમાં ઘટાડો

# સેન્સેક્સમાં ૧૬૧, નિફ્ટીમાં ૫૮ પોઈન્ટનો થયેલો કડાકો

### સેન્સેક્સના ૩૦-શેર સંવેદનશીલ સૂચકાંકના ૨૧ શેરો લાલ નિશાન સાથે બંધ : માત્ર ૯ શેરોમાં નજીવો વધારો

મુંબઈ, તા.૩

નબળા વૈશ્વિક સંકેતોને કારણે બુધવારે સ્થાનિક શેરબજારમાં ઘટાડો નોંધાયો હતો. યુએસ ફેડરલ રિઝર્વ દ્વારા વ્યાજ દરોમાં ફેરફાર કરવાના નિર્ણયને લઈને રોકાણકારો સાવચેત રહ્યા હતા.

આ કારણે સેન્સેક્સ આઠ દિવસના વધારા બાદ ૧૬૧ પોઈન્ટ ઘટીને બંધ રહ્યો હતો જ્યારે નિફ્ટી ૫૭.૮૦ પોઈન્ટ ઘટીને ૧૮,૧૦૦ની નીચે બંધ થયો હતો. ઈડીના દરોડાના કારણે મણપ્પુરમ ફાઈનાન્સના શેરમાં ૧૨ ટકા સુધીનો ઘટાડો થયો હતો. તે જ સમયે, અદાણી એન્ટરપ્રાઈઝના શેરમાં ૪ ટકાનો ઘટાડો જોવા મળ્યો હતો. રેલ વિકાસ નિગમ, ભેલ, એન્જીનીયર્સ ઈન્ડિયા અને સિયેટલિમિટેડના શેર્સ ટોપ ગેનર્સમાં સ્થાન પામ્યા છે.

યુએસ ફેડરલ રિઝર્વના દરોમાં ફેરફારના સંકેતોને કારણે બુધવારે સ્થાનિક શેરબજારમાં સુસ્તી જોવા મળી હતી. આ જ કારણ હતું કે સેન્સેક્સ ૧૬૧.૪૧ પોઈન્ટ અથવા ૦.૨૬ ટકાના ઘટાડા સાથે ૬૧,૧૯૩.૩૦ પર બંધ થયો હતો. તે જ સમયે, નિફ્ટીએ ૫૭.૮૦ પોઈન્ટ (૦.૩૨ ટકા)નો ઘટાડો નોંધાવ્યો હતો અને તે ૧૮,૦૮૯.૮૫ પર બંધ થયો હતો.

સેન્સેક્સના ૩૦ શેરના સંવેદનશીલ ઈન્ડેક્સના ૨૧ શેર લાલ નિશાન સાથે બંધ થયા છે. જ્યારે માત્ર ૯ શેરોમાં નજીવો વધારો નોંધાયો હતો. ભારતી એરટેલના શેરમાં ૧.૫૪ ટકાનો ઘટાડો થયો હતો. જ્યારે ટેક મહિન્દ્રાનો શેર ૧.૪૬ ટકા ઘટ્યો હતો. એ જ રીતે એક્સિસ બેંકના શેરમાં ૧.૨૬ ટકા, બજાજ ફાઈનાન્સના ૧.૨૨ ટકા, લાર્સેટ અને ટર્બોના શેરમાં ૧.૧૬ ટકા, ટીસીએસના ૧.૧૬ ટકા અને સન ફાર્માના શેરમાં ૧.૦૨ ટકાનો ઘટાડો નોંધાયો હતો. બીજી તરફ, મણપ્પુરમ ફાઈનાન્સ ૧૨.૧૪ ટકાના ઘટાડા સાથે ટોપ લૂઝર્સમાં ટોપ લૂઝર હતું. તે જ સમયે, બોમ્બે બરમાહ ટ્રેડિંગમાં ૫ ટકા,જિંદાલ શોમાં ૫.૨૫ ટકા, અદાણી એન્ટરપ્રાઈઝિસના શેરમાં ૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો.

બુધવારે સૌથી વધુ ઉછાળો નોંધાવનાર શેરોમાં રેલ વિકાસ નિગમે પણ સ્થાન મેળવ્યું હતું. રેલ વિકાસ નિગમના શેરમાં ૯.૯૭ ટકાનો ઉછાળો નોંધાયો હતો. એન્જિનિયર્સ ઈન્ડિયા લિમિટેડમાં ૧૪.૯૦ ટકાનો જબરદસ્ત ઉછાળો જોવા મળ્યો હતો. એ જ રીતે, એસજીવીએએનમાં ૮.૦૬ ટકા, સિયેટલિમિટેડમાં ૭.૬૮ટકા, બીએચઈએલમાં ૬.૫૬ ટકાનો ઉછાળો નોંધાયો હતો. તે જ સમયે, હિન્દુસ્તાન યુનિલિવરમાં ૧.૫૩ ટકા, એશિયન પેઈન્ટ્સમાં ૧.૦૨ ટકા મજબૂતી જોવા મળી હતી. જ્યારે, ટાટા મોટર્સ, અલ્ટ્રાટેક સિમેન્ટ, આઈટીસી, નેસ્લે ઈન્ડિયા, મારુતિ, એચડીએફસી બેંક, કોટક બેંક અને એચડીએફસીના શેરમાં નજીવો વધારો નોંધાયો હતો.

### અરજી માટેની છેલ્લી મુદત ૩ મે ૨૦૨૩ હતી

# ઉચ્ચ પેન્શન માટે અરજી કરવા સમય મર્યાદા લંબાવીને ૨૬ જૂન કરાઈ

### સુપ્રીમે પેન્શન યોજના ૨૦૧૪ને ચાલુ રાખવા કહ્યું હતું

નવી દિલ્હી, તા.૩

કર્મચારી ભવિષ્ય નિધિ સંગઠન દ્વારા ઉચ્ચ પેન્શન મેળવવા માટે અરજી કરવાની સમયમર્યાદા લંબાવી છે. હવે ઉચ્ચ પેન્શન લાભ મેળવવા કર્મચારીઓ ૨૬મી જૂન સુધીમાં અરજી કરી શકે છે. આ પહેલા છેલ્લી તારીખ ૩ મે ૨૦૨૩ સુધી જ હતી જેને વધારવામાં આવી છે. પ્રક્રિયાને સરળ બનાવવા માટે ઓનલાઈન સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવી હતી.

સુપ્રીમ કોર્ટે નવેમ્બર ૨૦૨૨માં કર્મચારી પેન્શન યોજના ૨૦૧૪ને ચાલુ રાખવા કહ્યું હતું. વર્ષ ૨૦૧૪માં કરવામાં આવેલા ઈપીએસરિવિઝનમાં પેન્શન સેલેરી કેપ રૂ. ૬,૫૦૦થી વધારીને રુપિયા ૧૫ હજાર પ્રતિ માસ કરવાનું કહેવામાં આવ્યું હતું. આ ઉપરાંત કોર્ટે કહ્યું હતું કે ઈપીએફઓએ તેના હયાત અને પૂર્વ ખાતાધારકોને અધિક પેન્શનો વિકલ્પ આપવો જોઈએ. સુપ્રીમ કોર્ટે ઉચ્ચ પેન્શનનો વિકલ્પ પસંદ કરવા માટે ચાર મહિનાનો સમય આપ્યો હતો. આ સમયમર્યાદા ૩ માર્ચ, ૨૦૨૩ના રોજ સમાપ્ત થવાની હતી. આ પછી તેને વધારીને ૩ મે ૨૦૨૩ કરવામાં આવી. ઈપીએફઓએ તેની વેબસાઈટ પર જણાવ્યું હતું કે જે કર્મચારીઓ ૧ સપ્ટેમ્બર, ૨૦૧૪ પહેલા સેવામાં હતા અને ૧ સપ્ટેમ્બર, ૨૦૧૪ના રોજ અથવા તે પછી સેવામાં ચાલુ રહ્યા હતા પરંતુ કર્મચારી પેન્શન યોજના હેઠળ સંયુક્ત વિકલ્પનો ઉપયોગ કરી શકતા ન હતા તેઓ હવે તેનો લાભ લઈ શકે છે. આ મામલે કર્મચારી સંગઠનો અને પ્રતિનિધીઓએ ઈપીએફઓને સમય વધારવાની માંગ પણ કરી હતી.

આ તમામ બાબત જોતા અધિક પેન્શન માટે ઓનલાઈન અરજીઓ માટે સમય મર્યાદા વધારી ૨૬ જૂન કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. ઈપીએફઓએ કહ્યું કે કર્મચારી, ખાતાધારકો અને સંગઠનો દ્વારા આવેલી માંગ પર વિધિવત રીતે વિચાર કર્યા બાદ સમય મર્યાદા વધારવામાં આવી છે. જેનાથી ખાતાધરકો અને પેન્શન ધારકોને અરજી કરવા માટે પુરતો સમય મળી રહેશે.

### રશિયા સાથે યુક્રેનની યુદ્ધમાં એક વર્ષથી જોરદાર ટક્કર

# અમેરિકાની ફરી યુક્રેનને 30 કરોડ ડોલરની સૈન્ય સહાયની જાહેરાત

વોશિંગ્ટન, તા.૩

રશિયા સામે એક વર્ષ કરતા પણ વધારે સમયથી ચાલી રહેલા યુધ્ધમાં યુક્રેન ટકી રહ્યુ છે અને તેની પાછળ અમેરિકાએ કરેલી મદદનો પણ મહત્વનો રોલ રહ્યો છે.

રશિયાએ યુક્રેન પર ફરી ભીષણ હુમલા શરૂ કર્યા છે ત્યારે હવે અમેરિકાએ ફરી યુક્રેનને ૩૦ કરોડ ડોલરની સૈન્ય સહાય કરવાની જાહેરાત કરી છે. આ સાંભળ્યા બાદ રશિયન રાષ્ટ્રપતિ પુતિન ફરી રોષે ભરાયા છે. અમેરિકન અધિકારીઓએ નામ નહીં આપવાની શરતે કહ્યુ હતુ કે, અમેરિકા દ્વારા યુક્રેનને અપનારા શસ્ત્રોમાં ઘાતક હાઈડ્રા-૭૦ રોકેટ સામેલ છે. જેને ફાઈટર જેટ્સ પરથી લોન્ચ કરવામાં આવે છે. આ ઉપરાંત આર્ટિલરી રોકેટ સિસ્ટમ, મોર્ટાર, તોપના ગોળા, મિસાઈલ્સ, રાયફલ્સ વગેરે પણ યુક્રેનને પૂરા પાડવામાં આવશે.

અમેરિકા આ હથિયારોને પેન્ટાગોન થકી યુક્રેન મોકલશે. જેથી ડિલિવરી જલ્દી થઈ શકે છે. આ ડિલિવરી એવા સમયે યુક્રેને મોકલવામાં આવી રહી છે જ્યારે યુક્રેનના સંરક્ષણ મંત્રી કહી ચુકયા છે કે, અમે રશિયાને વળતો જવાબ આપવા માટે તૈયાર છે. અમેરિકા તરફથી હથિયારો મળ્યા બાદ રશિયા અને યુક્રેન વચ્ચેનો જંગ વધારે ભિષણ સ્વરૂપ ધારણ કરે તેવા એંધાણ વરતાઈ રહ્યા છે.

### કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદને કારણે લોકોને ગરમીથી રાહત

# મે મહિનામાં શિયાળાનો અહેસાસ હજુ ઘણા રાજ્યોમાં ભારે વરસાદ

### એપ્રિલમાં ભારતના દરિયામાં કોઈ ચક્રવાતી તોફાન જોવા મળ્યું ન હતું, એપ્રિલમાં કોઈપણ પ્રકારનું ઉષ્ણકટિબંધીય વાવાઝોડું આવ્યું ન હતું, તેવું આ ચોથું વર્ષ છે

નવી દિલ્હી, તા.૩

મે મહિનાની શરૂઆત ખુશનુમા વાતાવરણ અને વરસાદ સાથે થઈ હતી. છેલ્લા કેટલાક દિવસોથી પડી રહેલા વરસાદને કારણે લોકોને ગરમીથી રાહત મળી છે. હવામાન વિભાગની માહિતી મુજબ આગામી એક સપ્તાહ સુધી દેશભરમાં આવું જ હવામાન રહેવાની શક્યતા છે. જેના કારણે આગામી કેટલાક દિવસો સુધી દેશના કોઈપણ ભાગમાં હીટવેવની કોઈ શક્યતા નથી. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આજે એટલે કે બુધવારે દિલ્હી, NCR, પંજાબ, યુપી, કર્ણાટક, તમિલનાડુ, બિહારમાં ભારે વરસાદની સંભાવના છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, આજે રાષ્ટ્રીય રાજધાનીમાં મહત્તમ તાપમાન ૨૭ ડિગ્રી સેલ્સિયસ અને લઘુત્તમ તાપમાન ૧૯ ડિગ્રી સેલ્સિયસ રહી શકે છે. બિહાર, ઓડિશા, મહારાષ્ટ્રમાં પણ હળવો વરસાદ પડી શકે છે. રાજસ્થાનના ભરતપુર, ધૌલપુર, કરૌલી, સવાઈમાધોપુર, કોટા, બરાન, ઝાલાવાડ, જેસલમેર, બિકાનેર, ચિત્તોડગઢ, ઉદયપુર જિલ્લાના નજીકના વિસ્તારોમાં વરસાદ સાથે ભારે પવનની સંભાવના છે. ઉત્તર પ્રદેશના ઘણા વિસ્તારોમાં પણ વરસાદની સાથે ૪૦-૫૦ કિમી પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાવાની શક્યતા છે. બુધવારે (૩ મે) ઉત્તરાખંડમાં પણ હિમવર્ષા થવાની સંભાવના છે, જેના કારણે હવામાન વિભાગે રાજ્યમાં ઓરેન્જ એલર્ટ જાહેર કર્યું છે. ઉત્તરાખંડના ઉત્તરકાશી, રુદ્રપ્રયા ચમોલી, બાનેબાર અને કબૂતર વિસ્તારોમાં ૩૨૦૦ મીટર અને તેનાથી વધુની ઉંચાઈ સાથે હિમવર્ષા થવાની સંભાવના છે. ઉત્તરાખંડમાં હિમવર્ષાના કારણે ચાર ધામના દર્શન કરવા આવેલા શ્રદ્ધાળુઓને પણ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. IMDનું કહેવું છે કે કેટલાક મોડલ મુજબ બંગાળની ખાડી પર ચક્રવાત સર્જાવાની સંભાવના છે. અમે તેના પર નજર રાખી રહ્યા છીએ. જો કે ખાનગી એજન્સી સ્કાયમેટ વેદનની આગાહી મુજબ મેના પહેલા ૧૫ દિવસમાં કોઈપણ ઉષ્ણકટિબંધીય તોફાન આવવાની શક્યતા ઘણી ઓછી છે. એપ્રિલમાં ભારતના દરિયામાં કોઈ ચક્રવાતી તોફાન જોવા મળ્યું ન હતું. એપ્રિલમાં કોઈપણ પ્રકારનું ઉષ્ણકટિબંધીય વાવાઝોડું આવ્યું ન હતું, તેવું આ ચોથું વર્ષ છે. IMD અનુસાર ઉત્તર પ્રદેશમાં ગાજવીજ, વીજળી, આંધી અને વરસાદની સાથે ઘણી જગ્યાએ કરા પણ પડી શકે છે. વાવાઝોડાની ઝડપ પ્રતિ કલાક ૪૦થી ૫૦ કિમી રહેવાની સંભાવના છે. દરમિયાન પહેલી મેએ ઉત્તર પ્રદેશમાં ઘણી જગ્યાએ હળવોથી મધ્યમ વરસાદ પડ્યો હતો. જ્યારે પશ્ચિમ ઉત્તર પ્રદેશના કેટલાક સ્થળોએ ભારે વરસાદ થયો હતો. IMDએ પંજાબ, ઉપ-હિમાલયન, પશ્ચિમ બંગાળ, સિક્કિમ, અરુણાચલ પ્રદેશ, આસામ અને મેઘાલય, દરિયાકાંઠાના આંધ્ર પ્રદેશ અને યનમ, તેલંગાણા, રાયલસીમા, દક્ષિણ આંતરિક કર્ણાટક, તમિલનાડુ, પુડુચેરી, કરાઈકલ, કેરળ અને માહેમાં છૂટાછવાયા સ્થળોએ ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરી હતી.

### શરદ પવારે રાજીનામું આપ્યા બાદ મનાવવાના પ્રયાસો તેજ

# શરદ પવાર તેમના નિર્ણય પર પુર્નવિચાર કરશે : અજિત પવાર

### પવારે યશવંતરાવ ચવ્હાણ ફાઉન્ડેશનમાં પોતાની આત્મકથાના વિમોચન પ્રસંગે અધ્યક્ષ પદ છોડવા જાહેરાત કરી હતી

મુંબઈ, તા.૩

રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટી (એનસીપી)ના વડા શરદ પવારે અધ્યક્ષ પદેથી રાજીનામું આપવાની જાહેરાત કર્યા બાદ પાર્ટીમાં તેમને મનાવવાના પ્રયાસો તેજ થઈ ગયા છે. એનસીપીનેતા અને તેમના ભત્રીજા અજિત પવારે કહ્યું કે શરદ પવારે કહ્યું છે કે તેઓ તેમના નિર્ણય પર પુનર્વિચાર કરશે. તેમણે આ માટે બે-ત્રણ દિવસનો સમય માંગ્યો છે. શરદ પવારે યશવંતરાવ ચવ્હાણ ફાઉન્ડેશનમાં પોતાની આત્મકથાના વિમોચન પ્રસંગે એનસીપીનું અધ્યક્ષ પદ છોડવાની જાહેરાત કરી હતી. પવારે કહ્યું, "મેં રાષ્ટ્રવાદી કોંગ્રેસ પાર્ટીનું અધ્યક્ષ પદ છોડવાનો નિર્ણય કર્યો છે." આ સાથે તેમણે આગામી રણનીતિ માટે વરિષ્ઠ નેતાઓની પેનલ બનાવવાની જાહેરાત કરી હતી.

અજિત પવારે કહ્યું કે શરદ પવારનો નિર્ણય સાંભળ્યા બાદ અમે બધા ભાવુક થઈ ગયા અને તેમને કલાકો સુધી રોકી રાખ્યા અને પુનર્વિચાર કરવાની માંગ કરી. મોડું થઈ રહ્યું હતું તેથી અમે શરદ પવારને ઘરે જવા કહ્યું. જોકે, પાર્ટીના કાર્યકરો દ્વારા વિરોધ ચાલુ રહ્યો હતો.

બાદમાં ઘણા નેતાઓ તેમને મળવા ગયા અને તેમને જણાવ્યું કે રાજ્યભરમાં શું થઈ રહ્યું છે. ત્યારે શરદ પવારે કહ્યું કે મને મારા નિર્ણય પર પુનર્વિચાર કરવા માટે બેથી ત્રણ દિવસની જરૂર છે, પરંતુ હું તે ત્યારે જ કરીશ જ્યારે કાર્યકર્તાઓ વિરોધ બંધ કરીને તેમના ઘરે જશે. અજિત પવારે કહ્યું કે અમે શરદ પવારને કહ્યું કે કાર્યકર્તાઓ નાખુશ છે, તમે અધ્યક્ષ પદે જળવાઈ રહો અને કાર્યકારી અધ્યક્ષની નિમણૂક કરો. શરદ પવારે અમારી વાત સાંભળી અને પછી અમને અહીં પાછા આવવા અને અહીં બેઠેલા કાર્યકરો સાથે વાત કરવાનું કહ્યું. તેમણે કહ્યું કે પવારના રાજીનામા પછી, બુલઢાણા અને અન્ય કેટલાક જિલ્લાના પાર્ટી જિલ્લા પ્રમુખોએ તેમના રાજીનામાની ઓફર કરી છે, પરંતુ પવારે કહ્યું કે કોઈએ રાજીનામું આપવાની જરૂર નથી. શરદ પવારને તેમના નિર્ણય વિશે વિચારવા માટે બેથી ત્રણ દિવસની જરૂર છે. તેમણે કહ્યું કે દેશભરના અનેક રાજકીય પક્ષોના નેતાઓએ શરદ પવારને ફોન કર્યો હતો.અજિત પવારે પણ કહ્યું કે અમારામાંથી કોઈને તેમના નિર્ણય વિશે ખબર નહોતી. શરદ પવારે તેમની રાજકીય કારકિર્દી ૧લી મે ૧૯૬૦ના રોજ શરૂ કરી હતી. અમે એ પણ વિચારતા હતા કે પવાર ૧લી મે ૧૯૬૦થી ૧લી મે ૨૦૨૩ સુધી શા માટે બોલી રહ્યા છે. ત્યારે તેમણે કહ્યું કે હું ૮૩ વર્ષનો છું અને આગામી અધ્યક્ષ કોણ હશે તે નક્કી કરવા માટે એક સમિતિની રચના કરવી જોઈએ. શરદ પવારનું આ નિવેદન કોઈને પસંદ આવ્યું નથી. લોકો પણ રડવા લાગ્યા હતા.

### કરોડો રુપિયાની ઠગાઈમાં આરોપીની મુશ્કેલી વધી

# સંજય શેરપુરિયાના અનેક ઠેકાણા પર ઈડીના દરોડા

### મહાઠગ સંજય રાયના ચાર શહેરો દિલ્હી, બનારસ, લખનૌ અને ગાઝીપુરના ઠેકાણા પર દરોડા પાડ્યા

નવી દિલ્હી, તા.૩

કરોડો રૂપિયાની ઠગાઈ કરવાનો આરોપી સંજય રાય શેરપુરિયાની મુશ્કેલી વધી રહી છે. પીએમ મોદી અને ભાજપના દિગ્ગજ નેતાઓના ફોટા બતાવીને સંજય રાયે કરોડોનું ફુલેકુ ફેરવ્યું છે. યુપી એસટીએફ બાદ તે હવે ઈડીના નિશાના પર છે.

ઈડીએ કાલે રાત્રે સંજય રાયના ચાર શહેરો દિલ્હી, બનારસ, લખનૌ અને ગાઝીપુરના ઠેકાણા પર દરોડા પાડ્યા હતા. ઈડીની ટીમે કલાકો સુધી શેરપુરિયાના ઠેકાણાઓ પર સર્ચ કર્યું હતું. ઈડીએ ખાસ કરીને દિલ્હીમાં શેરપુરિયાની મિલકતો પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. આ સ્થળો પરથી શેરપુરિયાની કંપનીઓ અને એનજીઓ સંબંધિત હજારો દસ્તાવેજો મળી આવ્યા છે.

પ્રાપ્ત માહિતી પ્રમાણે ટીમના હાથે ઘણા મહત્વપૂર્ણ દસ્તાવેજો લાગ્યા છે, જોકે ઈડીએ આ સમગ્ર દરોડાને ખૂબ જ ગોપનીય રાખ્યા હતા. આવી સ્થિતિમાં કોઈ પણ અધિકારી કંઈ કહેવા તૈયાર નથી.

વિભૂતિખંડ પોલીસને ૩ મે થી ૯ મે સુધી સંજય શેરપુરિયાના રિમાન્ડ મળી ગયા છે. એટલે કે, આજે સવારે ૧૦ વાગ્યાથી ૯ મે ના રોજ ૪ વાગ્યા સુધી શેરપુરિયા પોલીસ રિમાન્ડમાં રહેશે. આ રિમાન્ડ દરમિયાન પોલીસ સંજય શેરપુરિયાની મિલકત અંગે તો પૂછપરછ કરશે જ પણ તેની સાથે નેતાઓ અને અધિકારીઓનું કાળું નાણું ક્યાં રોક્યુ છે તેની પણ તપાસ કરશે. બીજી તરફ યુપી એસટીએફ હવે શેરપુરિયાની પત્નીને પણ શોધી રહી છે. તેની પત્ની શેરપુરિયાની ઘણી કંપનીઓ સંભાળે છે. આ જ કારણ છે કે પોલીસ ટૂંક સમયમાં શેરપુરિયાની પત્નીની ધરપકડ કરી શકે છે. આ સાથે શેરપુરિયા દ્વારા ખોલવામાં આવેલી કંપનીઓમાં ઘણી શેલ કંપનીઓ હતી જેના દ્વારા કરોડો રૂપિયાના વ્યવહારોના દસ્તાવેજો મળી આવ્યા છે. ઈડીઅને એસટીએફહવે આમાં તેની પત્નીની ભૂમિકા પણ જાણવાનો પ્રયાસ કરી રહી છે.

### રાજ્યમાં હાર્ટ એટેકના પ્રમાણમાં વધારો

# ગુજરાતમાં છેલ્લા ૧૦ દિવસમાં હાર્ટ એટેકથી ૪ લોકોએ જીવ ગુમાવ્યા

## યુવકના અકાળે મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે, યુવકનું અકાળે અવસાન થતાં પરિવાર પર માતમ છવાઈ ગયો છે

રાજકોટ, તા.૩

છેલ્લા કેટલાક સમયથી રાજ્યમાં હાર્ટ એટેકના કિસ્સામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. ગત ૧૦ દિવસમાં રાજ્યમાં ૩ લોકોને હાર્ટ એટેક આવ્યો છે, ત્યારે આજે ફરી રાજકોટમાંથી હાર્ટ એટેકની ૨ ઘટના સામે આવી છે. રાજકોટના લાયન્સ ક્લબના પૂર્વ પ્રમખ સચિન મણિયાર અને અમિત ચૌહાણ નામના યુવકને હાર્ટ એટેક આવ્યો છે. આ ઘટનામાં બંન્ને લોકોના મૃત્યુ થયા છે.

સચિન મણિયારને પોતાના નિવાસ સ્થાને હાર્ટ એટેક આવ્યો હતો, જ્યારે અમિત ચૌહાણ નામના યુવકને લગ્ન પ્રસંગમાં દાંડિયા રાસ મ્યા બાદ હાર્ટ એટેક આવ્યો હતો. જેમાં બંન્ને લોકોનું મૃત્યુ થયું હતું. મહત્વનું છે કે, ૧૦ દિવસની અંદર રાજકોટમાં ૩ લોકોને હાર્ટ એટેક આવ્યો છે, જ્યારે સુરતમાં ૧ યુવકને હાર્ટ એટેક આવ્યો છે. આ ચારેય ઘટનામાં ૪ લોકોનું મૃત્યુ થયું છે.રાજકોટની ઘટના વિશે વિગતવાર વાત કરીએ તો રાજકોટના અમિત ચૌહાણ પિતરાઈ ભાઈને ત્યાં લગ્ન પ્રસંગમાં ગયા હતા. જ્યાં લગ્નના આગલે દિવસે રાત્રે ગરબાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. લગ્ન પ્રસંગમાં દાંડિયા રાસ રમ્યા બાદ અમિત ચૌહાણ ઘરે આવ્યા હતા, જે બાદ તેઓ રાત્રિના સમયે તેઓ અચાનક બેભાન થઈ ગયા હતા. જેથી તેઓને સારવાર માટે સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા હતા. ત્યાં ફરજ પર હાજર તબીબે તેઓને તપાસી મૃત જાહેર કર્યા હતા. ડોકટરે અમિતભાઈને હાર્ટ એટેક આવ્યો હોવાનું કહ્યું હતું. યુવકના અકાળે મોતથી પરિવારમાં શોકનું મોજું ફરી વળ્યું છે. યુવકનું અકાળે અવસાન થતાં પરિવાર પર માતમ છવાઈ ગયો છે.

રાજકોટમાં ૨૪ કલાકમાં હાર્ટ એટેકની આ બીજી ઘટના છે. મળતી માહિતી અનુસાર, જીવનદીપ સોસાયટીમાં રહેતા લાયન્સ ક્લબના પૂર્વ પ્રમુખ સચિન મણિયારને વહેલી સવારે હાર્ટ એટેક આવ્યો હતો. જે બાદ તેઓને હોસ્પિટલ ખાતે લઈ લવામાં આવ્યા હતા. જ્યા તેઓનું નિધન થયું હતું. સચિન મણિયારના નિધનના સમાચારથી પરિવારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે.

૨૩ એપ્રિલે રાજકોટમાં હાર્ટ એટેકથી ૧૯ વર્ષીય યુવકનું મૃત્યુ નિપજ્યું હતું. ૧૯ વર્ષીય આદર્શ સાવલિયા નામનો યુવક બાથરૂમમાં અચાનક ઢળી પડ્યો હતો. જે બાદ પરિવારજનો તેને લઈને તાત્કાલિક સિવિલ હોસ્પિટલ ખાતે પહોંચ્યા હતા. જ્યાં ફરજ પર હાજર ડોક્ટરોએ તેને મૃત જાહેર કર્યો હતો. જે બાદ યુવકનું હાર્ટ એટેકથી મોત થયું હોવાનું તબીબોએ જણાવ્યું હતું. યુવકના અવસાનથી પરિવારની માથે શોકનું મોજું ફરી વળ્યું હતું.

### વાહન માલિકને SMS થી જશે નોટિસ

# ગુજરાતની પ્રથમ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની શરૂઆત

## ઈ ચલણ દંડની રકમ ૯૦ દિવસમાં નહિ ચૂકવાય તો આપો આપ ટ્રાફિક કોર્ટમાંથી ચલણ મોકલાશે

અમદાવાદ, તા.૩

ગુજરાતની પ્રથમ વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની આજથી અમદાવાદની મેટ્રો કોર્ટમાં શરૂઆત થઈ છે. જેમાં વાહન માલિકને SMS ટ્રાફિક નિયમ ભંગની નોટિસ જશે.

ગુજરાત રાજ્યમાં નવતર પહેલ કરવામાં આવી છે. જેમાં સમગ્ર રાજ્યના ટ્રાફિક ચલણ માટે અમદાવાદની મેટ્રો કોર્ટ ખાતે વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની આજથી શરૂઆત કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં ટ્રાફિક પોલીસ અન RTO ના ચલણ સાથે વન નેશન વન ચલણ પ્રોજેક્ટનું સફળ સંકલન કરવામાં આવ્યું છે. સમગ્ર ગુજરાત રાજ્ય માટે વર્ચ્યુઅલ ટ્રાફિક કોર્ટની શરૂઆત કરવામાં આવી છે.

જેમાં ઈ ચલણ દંડની રકમ ૯૦ દિવસમાં નહિ ચૂકવાય તો આપો આપ ટ્રાફિક કોર્ટમાંથી ચલણ મોકલાશે. જેમાં વાહન માલિકના મોબાઈલ નંબર પર SMSદ્વારા નોટિસ આપવામાં આવશે.

### ૬ વર્ષ પૂર્ણ નહીં થતા હોય તો ધોરણ ૧માં પ્રવેશ મળશે નહી

# ધો.૧માં પ્રવેશ માટે ૬ વર્ષની યોગ્યતાનો મામલો હાઈકોર્ટ પહોંચ્યો

અમદાવાદ, તા.૩

ધોરણ ૧માં પ્રવેશના સંદર્ભમાં મહત્વનો પરિપત્ર કરાયો છે. ૧ જૂન ૨૦૨૩ના રોજ બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ નહીં થતી હોય તો ધોરણ ૧માં પ્રવેશ મળશે નહી. નવી શિક્ષા નીતિ અનુસાર ધોરણ ૧માં પ્રવેશ માટે બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ થયેલી હોવી ફરજિયાત છે. પ્રાથમિક શિક્ષણ નિયામકે પરિપત્ર જાહેર કર્યો હતો. ત્યાર બાદ આ અંગે વિરોધ શરૂ થયો હતો.

હવે આ મુદે હાઈકોર્ટમાં અપીલ કરવામાં આવી છે. આ અરજી પર હાઈકોર્ટે રાજ્ય સરકારને જવાબ રજૂ કરવા નોટીસ પાઠવવામાં આવી છે. હવે આગામી સુનાવણી ૨૧ જૂને હાથ ધરાશે.

ધોરણ-૧ના પ્રવેશ સંદર્ભે વાલીઓમાં અસમંજસ હતું કે, પાંચ વર્ષે બાળકને શાળામાં પ્રવેશ મળશે કે નહી જેને લઈ પ્રાથમિક શિક્ષણ નિયામકે પરિપત્ર જાહેર કર્યો છે. ૧ જૂન ૨૦૨૩ના રોજ બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ નહીં થતી હોય તો ધોરણ ૧માં પ્રવેશ મળશે નહી. શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪માં ધોરણ ૧માં પ્રવેશ માટે ૧ જૂનના રોજ બાળકની ઉંમર ૬ વર્ષ પૂર્ણ થવી જરૂરી છે તેવું પરિપત્રમાં જણાવ્યું હતું. આ બાબતને લઈને હવે હાઈકોર્ટમાં અપીલ દાખલ કરવામાં આવી છે. જેની સુનાવણીમાં કોર્ટે રાજ્ય સરકારને જવાબ રજૂ કરવા નોટીસ પાઠવી છે અને આગામી સુનાવણી વેકેશન બાદ એટલે કે ૨૧મી જૂને યોજાશે.

નવી શિક્ષણ નીતિ મુજબ ૨૦૨૩-૨૪થી ધોરણ ૧માં ૬ વર્ષ પૂર્ણ થયા હશે તેને જ પ્રવેશ મળશે.

૪ વર્ષ પૂર્ણ થયા હોય તેમને જ જુનિયર કે.જીમાં એડમિશન મળશે. તો સિનિયર કે.જી માટે ૫ વર્ષની ઉંમર જરૂરી છે. ૬થી ૯ વર્ષના બાળકો માટે મૂળભૂત સાક્ષરતા અને સંખ્યાજ્ઞાન પર ફોકસ રહેશે. વધુમાં ત્રીજા ધોરણ સુધીના બાળકોનો પાયો મજબૂત બને તેના પર ખાસ ધ્યાન કેન્દ્રિત કરાશે. વધુમાં ૫મા ધોરણ સુધી બાળકોને ભાષા અને ગણિત સાથે સામાન્ય જ્ઞાન તેના તેમજ ધો ૬-૮ સુધી મલ્ટી ડિસીપ્લીનરી કોર્સ અને ધોરણ-૯ થી ૧૨ સુધીના બાળકો માટે મસ્ટી ડિસીપ્લીનરી કોર્સ હશે. તે જ રીતે ધોરણ ૯-૧૨માં પ્રોજેક્ટ એન્ડ લર્નિંગ પર ભાર રહેશે.

### ધ્રાંગધ્રા તાલુકાના જશાપર ગામની ઘટના

# વીજળી પડતા પશુપાલક સહિત ૮૦ બકરાના મોત

## સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં પણ સવારથી વાદળછાયા વાતાવરણ સાથે કમોસમી વરસાદ વરસી રહ્યો હતો

સુરેન્દ્રનગર, તા.૩

હાલ સમગ્ર રાજયમાં કમોસમી વરસાદની મોસમ જામી છે. છેલ્લા અઠવાડિયાથી કમોસમી વરસાદ પડી રહ્યો છે. ત્યારે સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રા તાલુકામાં પણ સવારથી વાદળછાયા વાતાવરણ સાથે કમોસમી વરસાદ વરસી રહ્યો હતો. ત્યારે ધ્રાંગધ્રા તાલુકાના જશાપર ગામની સીમમાં અચાનક વીજળી પડવાની ઘટના બની હતી. ગામની સીમમાં ૨૫ વર્ષીય પશુપાલક બકરાઓને ચરાવતો હતો. તે દરમિયાન અચાનક જ વીજળી પડતા પશુપાલક ચેતન ભરવાડનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે તેની સાથે રહેલા અંદાજે ૮૦ જેટલા બકરાઓનાં મોત નીપજ્યા હતા.

ધ્રાંગધ્રા તાલુકામાં કમોસમી વરસાદ પડતા વીજળી પડી હતી. ત્યારે મોટી સંખ્યામાં બકરા સહિત પશુપાલકનું મોત નીપજતા સમગ્ર ગામમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે.ભાવનગર, કચ્છ અને ડાંગમાં વીજળી પડવાથી એક-એક વ્યક્તિના મોત થયાની ઘટનાઓ બની છે.

હવામાન વિભાગ દ્વારા વીજળીના કડાકા-ભડાકા સાથે વરસાદ થવાની આગાહી સાથે લોકોને સાવચેતી રાખવા તથા વરસાદ દરમિયાન બહાર ના નીકળવા તથા ઝાડ નીચે કે વીજળીના થાંભલા પાસે ના ઉભા રહેવાની સલાહ આપવામાં આવી છે. વીજળી પડવાની ત્રણ ઘટના બની છે તેમાં એક વ્યક્તિ વીજળી પડવાથી ઘાયલ પણ થઈ છે.

### એરટેલમાં બેંક એકાઉન્ટ ધરાવનારા માટે સારા સમાચાર

# એરટેલ પેમેન્ટ બેંકમાંથી ચહેરો બતાવીને પૈસા ઊપાડી શકાશે

## એરટેલ પેમેન્ટ્સ બેંકે આ માટે નેશનલ પેમેન્ટ્સ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે ટાઇઅપ કર્યુ

મુંબઈ, તા.૩

જો તમારું બેંક એકાઉન્ટ એરટેલ પેમેન્ટ બેંકમાં છે, તો બહુ જલદી તમે તમારો આધાર નંબર અને તમારો ફેસ- ચહેરો બતાવીને બેંકમાંથી પૈસા ઉપાડી શકશો. એરટેલ પેમેન્ટ્સ બેન્કે આ માટે નેશનલ પેમેન્ટ્સ કૉર્પોરેશન ઓફ ઈન્ડિયા સાથે ટાઇઅપ કર્યુ છે, અને બેંક સાથે જોડાયેલ આધાર ઈનબેલ્ડ પેમેન્ટ સર્વિસ માટે ફેસ ઓથેન્ટિકેશનની શરૂઆત કરી છે. એરટેલ પેમેન્ટ બેન્ક આવી સેવા આપનારી દેશની ચોથી બેંક બની ગઇ છે.ખરેખરમાં, એનપીસીઆઈની આધાર એનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમલોકોને કોઈપણ બેંક પૉઈન્ટ પર ટ્રાન્ઝેક્શન કરવાની અથવા આધાર કાર્ડ નંબર અને વર્ચ્યૂઅલ આઈડીની મદદથી નૉન - ફાઈનાન્સિયલ એક્ટિવિટી ઍક્સેસ કરવાની મંજૂરી આપે છે. અત્યાર સુધી એરટેલ બેંકમાં પૈસા ઉપાડવા અથવા જમા કરવા માટે કસ્ટમર્સ તેને આધાર કાર્ડ નંબર, ફિંગરપ્રિન્ટ અથવા આંખનું વેરિફિકેશન વેલિડેટ કરવાનું પડતુ હતુ, પરંતુ હવે કસ્ટમર્સને બીજી સુવિધા મળશે અને તેઓ આધાર નંબર અને તેમના ફેસ- ચહેરા દ્વારા સરળતાથી ટ્રાન્ઝેક્શન કરી શકશે. આનાથી એવા લોકોને ફાયદો થશે જેમના ફિંગરપ્રિન્ટ્સ ઘણી વખત મેચ ન હતો થતા.

એરટેલ પેમેન્ટ બેંકના સીઓઓએ કહ્યું કે, અમે ખુબ જ ખુશ છીએ કે અમે એનપીસીઆઈસાથે ટાઇઅપ કર્યુ છે. એનપીસીઆઈની આધાર એનેબલ્ડ પેમેન્ટ સિસ્ટમલોકોને ઈનેબેલ્ડ પેમેન્ટ સિસ્ટમ લોકોને પેમેન્ટને સિક્યૉર અને સરળ બનાવવામાં મદદ કરશે, જે ગ્રાહક અને બેંક બન્ને માટે સારા સમાચાર છે. એરટેલ પેમેન્ટ્સ બેંક શરૂઆતમાં આધાર ઈનેબલ્ડ ફેસ ઓથેન્ટિકેશન દ્વારા નૉન-ફાઈનાન્સિયલ ટ્રાન્ઝેક્શનને કરવાની સુવિધા આપશે.

જેમ કે તમે આની મદદથી મિની સ્ટેટમેન્ટ અને બેંક બેલેન્સ વગેરે ચેક કરી શકો છો. બીજા તબક્કામાં લોકોને ટ્રાન્ઝેક્શન સંબંધિત સેવાઓ મળશે. સારી વાત એ છે કે એનપીસીઆઈની ગાઈડલાઈન હેઠળ એરટેલ પેમેન્ટ બેંક પોતાની બેંકમાં અન્ય બેંકના ગ્રાહકોને પણ આ ફેસિલિટી આપશે, એટલે કે જો તમારું બેંક એકાઉન્ટ એનપીસીઆઈઅંતર્ગત આવતી અન્ય બેંકમાં હશે, તો પણ તમે એરટેલ પેમેન્ટ બેંકમાંથી પૈસા ઉપાડી શકશો.

### ગુજરાતમાં કોરોનાના કેસોમાં સતત ઘટાડો

# ગુજરાતમાં કોરોના વાયરસના નવા કુલ ૮૮ કેસ નોંધાયા

## કોરોના રિકવરી રેટ ૯૯.૦૮ ટકા થયો છે, જ્યારે કોરોના વાયરસથી ૧૮૦ દર્દી સાજા થયા છે

અમદાવાદ, તા.૩

ગુજરાતમાં છેલ્લા અઠવાડિયાથી કોરોનાના કેસોમાં સતત ઘટાડો થઈ રહ્યો છે. જેમાં ૦૩ મેના રોજ કોરોનાના નવા ૮૮ કેસ નોંધાયા છે. જ્યારે કોરોનાના એક્ટિવ કેસ ૮૫૪ એ પહોંચ્યા છે.

અમદાવાદમાં ૨૪, સુરતમાં ગ્રામ્યમાં ૦૭, વડોદરામાં ૦૭, સાબરકાંઠામાં ૦૬, સુરતમાં ૦૬, વલસાડમાં ૦૬, ભરૂચમાં ૦૫, મહેસાણામાં ૦૩, નવસારીમાં ૦૩, રાજકોટમાં ૦૩, વડોદરા ગ્રામ્યમાં ૦૩, આણંદમાં ૦૨, ગાંધીનગરમાં ૦૨, કચ્છમાં ૦૨, અમદાવાદ ગ્રામ્યમાં ૦૧,ભાવનગરમાં ૦૧, બોટાદમાં ૦૧, ગાંધીનગર ગ્રામ્યમાં ૦૧, જામનગરમાં ૦૧, મહીસાગરમાં ૦૧, પંચમહાલમાં ૦૧,પાટણમાં ૦૧ અને રાજકોટ ગ્રામ્યમાં ૦૧ કેસ નોંધાયો છે. તેમજ કોરોના રિકવરી રેટ ૯૯.૦૮ ટકા થયો છે. જ્યારે કોરોનાથી ૧૮૦ દર્દી સાજા થયા છે.

કોવિડના વધતા કેસો વચ્ચે કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે ૮ રાજ્યોને પત્ર લખ્યો છે. તેમણે સર્વેલન્સ વધારવા, ILI અને SARI દર્દીઓ પર નજર રાખવા, પર્યાપ્ત સંખ્યામાં પરીક્ષણ કરવા, જિનોમ સિક્વન્સિંગ માટે મોકલવામાં આવેલા સેમ્પલની તપાસ કરવા અને હોસ્પિટલ ઈન્ફ્રા સુધારવા માટે સૂચનો આપ્યા છે.

### જગતના તાત પર માવઠાનો માર

# વરસાદને કારણે કેરીના પાકમાં નુકસાનની શક્યતા

## હાલ ખેડૂતો જણાવી રહ્યા છે કે, સરકાર નુકસાન ભોગવી રહેલા ખેડૂતોને સહાય કરે તેવી માંગ કરી રહ્યા છે

નવસારી, તા.૩

હાલ કેરીની સિઝન ચાલી રહી છે. નવસારીમાં પણ છેલ્લા ઘણા સમયથી ખેડૂતો કેરીની ખેતી કરી રહ્યા છે. હાલ તેઓ પરેશાન બન્યા છે, કારણ કે જિલ્લામાં વાતાવરણમાં આવેલા પલટામાં કેરીના પાકનું સંપૂર્ણપણે ચિત્ર બદલી ગયું છે.

આ વર્ષે પાકમાં ૭૦% નુકસાન થવાની ભીતી ખેડૂતોને સતાવી રહી છે. નવસારી જિલ્લામાં શિયાળા અને ઉનાળા દરમિયાન લાંબા સમયથી વરસાદ નિયમિત બન્યો છે, જેના કારણે દર વખતે ખેડૂતોએ પરેશાન થવાનો વારો આવતો હોય છે. ત્યારે હાલ ખેડૂતો જણાવી રહ્યા છે કે, સરકાર નુકસાન ભોગવી રહેલા ખેડૂતોને સહાય કરે તેવી માંગ કરી રહ્યા છે.

ખેડૂતોએ જણાવ્યું કે, આ વર્ષે વાતાવરણના બદલાવને કારણે કેરી અને ચીકુને વધુ પ્રમાણમાં નુકસાન થયું છે. આ વખતે પણ કેરીની સીઝન મોડી શરૂ થઈ હતી, જે બાદ કુદરતના બીજા ફટકાર સ્વરૂપે વરસાદ છેલ્લા બે દિવસથી જોવા મળતા કેરીમાં ખેડૂતોને મોટું નુકસાન થવાની સંભાવના જોવા મળી રહી છે. નવસારી જિલ્લાના ખેતીવાડી અધિકારી ડોક્ટર એ આર ગજેરાએ જણાવ્યું હતું કે, મત મુજબ આ વરસાદથી કેરીમાં જીવાત સહિત ફળ માખી ઉત્પન્ન કરશે. આ સાથે જ ચીકુના પાકમાં જે ફૂલ આવી રહ્યા છે, તેમાં ઈયળ સહિત જીવાત ઉત્પન્ન થઈ શકે છે.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, આ વખતે જે કમોસમી વરસાદ અને વાતાવરણમાં જ બદલાવ જોવા મળતા સૌથી વધુ પાક એવા કેરી અને ચીકુમાં જીવાત અને માખી ઉત્પન્ન થવાની શક્યતાઓ સેવાઈ રહી છે.

કેરીનો પાક ફેબ્રુઆરીમાં વરસાદ પડતા મોર નુખરણ થયું હતું, જે બાદ એપ્રિલમાં ફરીવાર વાતાવરણ બદલાવ આવવા સાચી સમીક્ષા સાથે વરસાદ થતાં કેરીના પાક અને તેને ગુણવત્તા પર અસર થઈ હતી. તેના ઉપર રોગ ઉકરવાની સંભાવના છે.

આ સાથે માખી ફરકવાનું શરૂ થયું હતું, જેને લઈને ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે.

### ડમીકાંડમાં તોડકાંડ મામલે અનેક નવા નવા ખુલાસા

# યુવરાજસિંહે દહેગામમમાં ૫૧ લાખનો બંગલો ખરીદ્યો હતો

## ભાવનગરની SIT એ બંગલાનો દસ્તાવેજ જપ્ત કર્યો છે અને મામલામાં આગળની તપાસ શરૂ કરી છે

ભાવનગર, તા.૩

ડમીકાંડમાં તોડકાંડ મામલે અનેક નવા નવા ખુલાસા થઈ રહ્યા છે. તોડકાંડમાં યુવરાજસિંહના અનેક કૌભાંડ ખુલી રહ્યા છે, ત્યારે વધુ એક નવો ખુલાસો સામે આવ્યો છે. જે મુજબ યુવરાજસિંહે દહેગામમાં ૫૧ લાખ ૧૧ હજાર રૂપિયાનો બંગલો ખરીદ્યો હોવાનું સામે આવ્યુ છે. ભાવનગર SITએ આ બંગલાના દસ્તાવેજ જપ્ત કર્યા છે અને બંગલા અંગની પૂછપરછ શરૂ કરી છે.

ડમીકાંડમાં અને તોડકાંડમાં અનેક ખુલાસા થઈ રહ્યા છે. યુવરાજસિંહની ધરપકડ બાદ તેમના બે સાળા શિવુભા અને કાનાભાની પણ ધરપકડ કરવામાં આવી હતી. કાનભા અને શિવુભા પાસેથી ૩૮ લાખ અને ૨૫.૫૦ લાખ રૂપિયા રોકડા મળી આવ્યા હતા. ત્યારે રિમાન્ડ પૂર્ણ થતા યુવરાજસિંહ હાલ જેલમાં છે. ત્યારે યુવરાજસિંહ મામલે વધુ એક મોટો ખુલાસો થયો છે.

યુવરાજસિંહે દહેગામમમાં રુપિયા ૫૧ લાખનો બંગલો ખરીદ્યો હોવાનો ઘટસ્ફોટ થયો છે. આ બંગલો ખરીદવા માટે યુવરાજસિંહના સસરાએ દહેગામમમાં ભાવનગરથી ૬ લાખ રૂપિયાનું આગડિયુ કર્યુ હોવાનું સામે આવ્યું છે. ભાવનગરની SIT એ બંગલાનો દસ્તાવેજ જપ્ત કર્યો છે અને આગળની તપાસ શરૂ કરી છે.યુવરાજસિંહના સસરાએ ભાવનગરથી દહેગામ રુપિયા ૬ લાખ રૂપિયાનું આંગડ્યુ મોકલ્યુ હતુ. યુવરાજસિંહ જાડેજાએ દહેગામમમાં રૂપિયા ૫૧ લાખ રૂપિયાનો બંગલો ખરીદ્યો હોવાની હાલ ચર્ચા રહી છે. દહેગામમમાં આવેલી વ્રજગોપી રેસિડન્સીમાં યુવરાજસિંહે ૨૯ નંબરનો બંગલો ખરીદ્યો હોવાની વિગતો સામે આવી છે. સમગ્ર કેસની તપાસ કરી રહેલી ભાવનગરની SIT એ આ બંગલાનો દસ્તાવેજ જપ્ત કર્યો છે.

### પાક. સરકાર-વિપક્ષી પાર્ટી પીટીઆઈ વચ્ચે સમજૂતી

# પાકિસ્તાનમાં સમગ્ર દેશમાં એક જ દિવસે ચૂંટણી યોજવા સહમતી

## પાકિસ્તાનમાં લાંબા સમયથી ચૂંટણી યોજવાની માંગને લઈને મડાગાંઠ ઉકેલાઈ, રાજનીતિ માટે એક મોટું પગલું

ઈસ્લામાબાદ, તા.૩

પાકિસ્તાન સરકાર અને વિપક્ષી પાર્ટી પીટીઆઈ વચ્ચે એક મહત્વપૂર્ણ સમજૂતી થઈ છે. જે અંતર્ગત સમગ્ર દેશમાં એક જ દિવસે ચૂંટણી યોજવા અંગે સહમતિ સધાઈ છે. જોકે હજુ ચૂંટણીની તારીખ અંગે સહમતિ બની શકી નથી.

મંગળવારે મોડી રાત સુધી સત્તાધારી પક્ષ અને વિપક્ષના નેતાઓ વચ્ચે ચાલેલી બેઠકમાં આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

પાકિસ્તાનમાં લાંબા સમયથી ચૂંટણી યોજવાની માંગને લઈને મડાગાંઠની સ્થિતિ હતી. આવી સ્થિતિમાં એક જ દિવસમાં ચૂંટણી કરાવવા માટે સહમત થવું એ પાકિસ્તાનની રાજનીતિ માટે એક મોટું પગલું છે.

ઉલ્લેખનીય છે કે ઈમરાન ખાનના નેતૃત્વવાળી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ પાર્ટી (એસટીએફ) ઘણા સમયથી પંજાબ અને ખૈબર પખ્તુનખ્વાં પ્રાંતમાં ચૂંટણી યોજવાની માંગ કરી રહી છે અને સરકાર કોઈને કોઈ બહાને તેને ટાળવાનો પ્રયાસ કરી રહી હતી.

હવે બંને પક્ષોની બેઠકમાં તમામ પ્રાંતીય અને કેન્દ્રીય ચૂંટણીઓ એક જ દિવસે કરાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. બંને પક્ષોની બેઠકમાં એ વાત પર પણ સહમતિ સધાઈ છે કે આ ચૂંટણીઓ કેરટેકર સેટઅપની દેખરેખ હેઠળ યોજાશે, જેથી ચૂંટણીની નિષ્પક્ષતા જળવાઈ રહે.

પાકિસ્તાનમાં સત્તાધારી પક્ષ અને વિપક્ષ વચ્ચે અંતિમ તબક્કાની બીજી બેઠક યોજાવાની છે, જેમાં ચૂંટણીની તારીખ અંગે બધા પક્ષો સહમતિ આપી શકે છે.

પાકિસ્તાન પીપલ્સ પાર્ટીના નેતા યુસુફ રઝા ગિલાનીનું કહેવું છે કે બંને પક્ષો એ વાત પર પણ સહમત થયા છે કે તેઓ ચૂંટણીના પરિણામો સ્વીકારશે.

આ બેઠકમાં સત્તા પક્ષ પીએમએલ-નવાઝ પાર્ટી તરફથી ઈશાક ડાર, ખ્વાજા સાદ રફીક, આઝમ નઝીર, સરદાર અયાઝ સાદિક અને પાકિસ્તાન પીપલ્સ પાર્ટી તરફથી યુસુફ રઝા ગિલાની, સૈયદ નવીદ કમર અને વિપક્ષી પાર્ટી પીટીઆઈ તરફથી શાહ મેહમૂદ કુરેશી, ફવાદ ચૌધરી અને સેનેટર અલી ઝફરે હાજરી આપી હતી.

પીટીઆઈ તરફથી કહેવામાં આવ્યું છે કે સિંધ અને બલૂચિસ્તાન એસેમ્બલીના વિસર્જનની તારીખ હજુ નક્કી કરવામાં આવી નથી. પીટીઆઈની માંગ છે કે આ વિધાનસભાઓને ૧૪ મેના રોજ અથવા તે પહેલા ભંગ કરી દેવામાં આવે. જો કે પાકિસ્તાન સરકાર હજુ આ માટે તૈયાર નથી.

પંજાબ અને ખૈબર પખ્તુનખ્વામાં પીટીઆઈની સરકાર હતી, તેથી જ્યારે ઈમરાન ખાનની સરકાર ગઈ ત્યારે પીટીઆઈ સરકાર દ્વારા આ બંને પ્રાંતોની એસેમ્બલીઓનું વિસર્જન કરવામાં આવ્યું હતું. જો કે આ બંને પ્રાંતોમાં અત્યાર સુધી ચૂંટણી યોજાઈ નથી.

### કેદારનાથ-બદ્રીનાથ ખાતે ક્યૂઆર કોડવાળુ બોર્ડ મૂકવાનો મામલા

# ઈનકાર બાદ મંદિરના પૂજારીઓએ દાન માટેના QR કોડની વાત સ્વીકારી

## મંદિરની સમિતિ અને પેટીએમ વચ્ચે ૨૦૧૮માં કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા : પેટીએમ દ્વારા આ બોર્ડ લગાવવામાં આવ્યા હતા

દહેરાદૂન, તા.૩

બદ્રીનાથ અને કેદારનાથ મંદિરના પ્રવેશ દ્વાર પર ક્યૂઆર કોડથી દાન માગતું બોર્ડ મૂકવામાં આવ્યું હતું. આ બોર્ડ કોણે મૂક્યું એ અંગે મંદિરની સમિતિએ કહ્યુ હતું કે, એના વિશે તેઓ કંઈ પણ જાણતા નથી. ત્યારે હવે બદ્રીનાથ અને કેદારનાથ મંદિર સમિતિ કે જે ઉત્તરાખંડમાં લોકપ્રિય મંદિરોની બાબતોનું સંચાલન કરે છે, તેઓએ મંગળવારે જણાવ્યું હતું કે, આ મુદ્દે થોડી ગેરસમજણ થઈ હતી. સમિતિએ હવે સ્વીકાર્યું છે કે, તેમનું ૨૦૧૮થી ઓનલાઈન દાન માટે પેટીએમ સાથે જોડાણ છે અને કંપનીએ આવા નાના બોર્ડ લગાવી રહી છે.

રાજ્ય સમર્થિત BKTCએ એવું પણ જણાવ્યું કે, ૨૦૧૮થી ક્યૂઆર કોડ દ્વારા કુલ રુપિયા ૬૭ લાખનું ઓનલાઈન દાન પણ પ્રાપ્ત થયું છે. BKTC ચીફ અજેન્દ્ર અજયે પોતાના અગાઉના નિવેદનમાં સ્પષ્ટણપણે જાળવી રાખ્યું હતું. જેમ કે સોમવારે અહેવાલ રજૂ કરવામાં આવ્યો હતો કે, સમિતિના સભ્યોએ ચાર ધામ યાત્રાના શરુઆતના દિવસે ક્યૂઆર કોડ જોયા હતા અને તેમની ટીમ દ્વારા દૂર કરવામાં આવ્યા હતા.

તેઓએ જણાવ્યું હતું કે, તેઓએ આંતરીક તપાસ હાથ ધરી હતી અને પુષ્ટિ થઈ હતી કે, બીકેટીસીનું આ મામલે કોઈ લેવા દેવા નથી. વાસ્તવમાં અમે અમારા નાણાકીય વ્યવહાર માટે પેટીએમનો ઉપયોગ કરતા નથી. તેઓએ ધ્યાન દોર્યું કે, કેટલાંક અજાણ્યા વ્યક્તિઓનો આ પાછળ હાથ હોઈ શકે છે. બીકેટીસીના મીડિયા ઈન્ચાર્જ હરીશ ગૌરે જણાવ્યું કે, આ થોડી ગેરસમજ હતી અને હવે તે દૂર થઈ ગઈ છે.

પેટીએમ દેશભરના મુખ્ય મંદિરોમાં દાન માટે ડિજિટલ પ્લેટફોર્મ પુરું પાડે છે. ૨૦૧૭માં યોજાયેલી એક બેઠકમાં કેદારનાથમાં પણ ઓનલાઈન દાનની સુવિધા ઉપલબ્ધ કરાવવાનો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો.

જેના પગલે બંને પક્ષો દ્વારા ૨૦૧૮માં એક કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ત્યારથી પેટીએમ કેદારનાથ ખાતે ક્યૂઆર કોડ સાથે નાના સાઈન બોર્ડ લગાવી રહ્યું છે.

તેઓએ ધ્યાન દોર્યું કે, ચાલુ યાત્રા દરમિયાન પેટીએમ દ્વારા કેદારનાથ અને બદ્રીનાથ મંદિરોમાં ક્યૂઆર કોડડે સાઈન બોર્ડ જે કદમાં મોટા હતા તે સ્થાપિત કરવામાં આવ્યા હતા. પરંતુ સાઈન બોર્ડ સેટ કરતા પહેલાં પેટીએમ તરફથી કોઈએ બીકેટીસી વરિષ્ઠ અધિકારીઓને તેની સાઈઝ કે સ્થાન વિશે કોઈ મૌખિક રીતે અથવા કોઈપણ પત્ર દ્વારા જાણ કરવામા આવી નહોતી, એવું ગૌરે કહ્યું હતું.

# સા.કુંડલા ખાતે પરશુરામ સેના દ્વારા સમૂહ યજ્ઞોપવિત અને બ્રહ્મચોર્યાસી યોજાઇ



સાવરકુંડલા સમસ્ત બ્રહ્મસમાજ પ્રેરિત શ્રી પરશુરામ સેના દ્વારા આયોજીત સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર સમારોહ તથા બ્રહ્મચોર્યાસીમાં સંતો–મહંતો અને અમરેલી જિલ્લાના બ્રહ્મસમાજના તથા વિવિધ શહેરોના બ્રહ્મસમાજના અગ્રણીઓની વિશેષ ઉપસ્થિતિમાં કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમને સફળ બનાવવા પરશુરામ સેનાની ટીમ છેલ્લા ત્રણ માસથી રાત–દિવસ મહેનત કરી રહી હતી. આ સમૂહ યજ્ઞોપવિત સંસ્કાર કુલ અગિયાર બ્રહ્મકુમારો આ યજ્ઞોપવિત સંસ્કારનો લાભ લીધો હતો તેમજ અમરેલી જિલ્લા અને સાવરકુંડલાની ટીમ ખડે પગે રહી હતી.

### શહેર અને શહેરીજનોનાં રોજબરોજનાં કાર્યોનાં નિકાલ માટે

## રાજુલામાં ચીફ ઓફિસરની ખાલી જગ્યા ભરવા જાગૃત નાગરિકની માંગ

### રાજયનાં મુખ્ય સચિવને રજૂઆત કરી

અમરેલી, તા. ૩

રાજુલા પાલિકામાં ચીફ ઓફિસરની ખાલી જગ્યા હોવાથી શહેર અને શહેરીજનોનાં કાર્યોમાં વિક્ષેપ ઉભો થઈ રહ્યો છે. દરમિયાનમાં જાગૃત નાગરિક શીરીષભાઈ પટેલે રાજયનાં મુખ્ય સચિવને પત્ર પાઠવીને કાયમી ધોરણે ચીફ ઓફિસરની નિમણૂંક કરવા માંગ કરેલ છે.

### ખરીફ પાક વાવેતર સમયે બિયારણની ખરીદી વખતે

## ખેડૂતોએ લાયસન્સ ધારક પાસેથી જ બિયારણ ખરીદવાનો આગ્રહ રાખવો

અમરેલી, તા.૦૩

રાજયના તમામ ખેડૂતોએ આગામી ખરીફ ઋતુમાં વાવેતર માટે બિયારણની ખરીદી વખતે લાયસન્સ ધારક સહકારી મંડળી, સરકારી સંસ્થાઓ, ખાનગી વિક્રેતા પાસેથી જ બિયારણ ખરીદીનો આગ્રહ રાખવો, જેથી છેતરપિંડીથી બચી શકાય. લાયસન્સ ન ધરાવતા વ્યકિત, ફેરિયાઓ, પેઢીઓ પાસેથી બિયારણ ન ખરીદવા સૂચના છે. બિયારણની ખરીદી સમયે વેપારી પાસેથી તેનું લાયસન્સ નંબર, પુરું નામ, સરનામુ, જે બિયારણ ખરીદ્યું હોય તેનું નામ, લોટ નંબર, ઉત્પાદન અને મુદ્દત પૂરી થવાની વિગતો દર્શાવતું બિલ સહી સાથે અવશ્ય લેવું. બિયારણની થેલી સીલ બંધ છે કે કેમ તેની ચકાસણી અવશ્ય કરવી. અમાન્ય બિયારણની ખરીદી ખેડૂતોએ ટાળવી. અમાન્ય બિયારણ વેચનાર ધ્યાનમાં આવે તો તાત્કાલિક સંબંધિત એગ્રીકલ્ચર ઈન્સપેકટર અથવા જિલ્લાના નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)ને તુરંત જ જાણ કરવી. ઉપરાંત વધુમાં જાણકારી માટે નાયબ ખેતી નિયામક(વિસ્તરણ)ની કચેરી, ૩૦૧, બી–બ્લોક, બહુમાળી ભવન, અમરેલીનો સંપર્ક કરવા નાયબ ખેતી નિયામક(વિસ્તરણ), અમરેલીની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું **પતિનાં નશામાં વ્યસન**

થઈ તેઓએ તેમની આપવીતી જણાવેલ કે તેઓના લગ્નના ૬ વર્ષ થઈ ગયેલ છે અને સંતાનમાં ૪ વર્ષનો દીકરો છે. તેઓના પતિને નશો કરવાની આદત હોવાથી અવાર–નવાર નશાની હાલતમાં બોલાચાલી થતા તેઓ દ્વારા પીડિતાને ઢોર માર મારવામાં આવે છે. તેમજ તેઓના સાસુ દ્વારા ઘરકામ બાબતે તેમજ અન્ય નાની નાની બાબતમાં મેણા–ટોણા મારી માનસિક ત્રાસ આપવામાં આવે છે, ઘરમાં નજરકેદ રાખે છે.

આમ પીડિતાના ઘરમાં અવાર–નવાર ઝગડા ચાલુ રહેતા હોય અને વારંવાર તેઓને પિયરમાં જઈ માતા–પિતાને પરેશાન કરવું તે યોગ્ય ના લાગતું હોય એને શરમજનક લાગતું હોય જેથી પીડિતાએ કંટાળી જઇ અને સાસરીના ઘરેથી કહ્યા વગર નીકળી અમરેલી ઠેબી ડેમના પાળે આપઘાત કરવા પહોંચી ગયા હતા.

આથી ટીમ દ્વારા પીડિતાને તે વિસ્તારથી અમરેલી મહિલા સહાયતા કેન્દ્રમાં (PBSC) લઈ જઈ પીડિતાના સાસુ, સસરા તથા પતિને બોલાવી ૧૮૧ ટીમના કાઉન્સેલર પરમાર હીના તથા મહિલા સહાયતા કેન્દ્રના કાઉન્સેલર પારૂલબેન મહીડાની બંને ટીમએ સાથે મળીને પીડિતાના સાસરી પક્ષને યોગ્ય પરામર્શ કરી કાયાદાકિય ભાષામાં સમજણ આપી કાયદાનું ભાન કરાવેલ તેમજ સામાજિક બંધનો અને બાળકના ભવિષ્યના ઘડતર અંગે અવગત કરી સમજણ આપેલ હતી, તેમજ વ્યસન મુકિત કેન્દ્રો અંગે સમજણ આપતા, પીડિતાના પતિ તેમજ સાસરીપક્ષને તેઓની ભૂલનો અહેસાસ થતા પીડિતાને જણાવેલ કે હવેથી તેઓ ભૂલ નહિ કરે તેમજ પરેશાન નહીં કરે અને નશો કરવાની આદત મૂકી દેશે જે અંગે ખાત્રી આપતાં પીડિતાની મરજી તેમજ સમંતીથી રાજીખુશીથી સમાધાન કરાવામાં આવ્યું હતું. તેમજ થોડાક સમય પીડિતાએ પિયરમાં રહે તો તેઓનુ મગજ શાંત થાય આથી પીડિતાને તેઓના પિતા સાથે હસતા ચહેરે પિયરમાં મોકલવામાં આવેલ હતા.તેમજ પીડિત મહિલાને આત્મહત્યાના વિચારો ક્યારે પણ પોતાની જિંદગીમાં ના લાવવા હિંમત આપેલ અને ત્યારબાદ પીડિત મહિલા ભવિષ્યના દિવસોમાં આવા કોઈ પણ પગલા ના ભરે અને લાંબા ગાળાના પરામર્શ માટે અમરેલી મહિલા સહાયતા કેન્દ્રમાં આ કેસ રિફિર કરવામાં આવેલ હતો.

આમ મહિલાને મોતના મુખમાંથી બચાવી ૧૮૧ ટીમ તથા મહિલા સહાયતા કેન્દ્ર ટીમએ સાથે મળી ને સુખદ સમાધાન કરાવામાં આવેલ હતું.

## અમરેલી જિલ્લામાં તલાટી કમ મંત્રીની પરીક્ષા અન્વયે પ્રતિબંધાત્મક આદેશ

### કાયદો–વ્યવસ્થા જાળવવા અને ગેરરીતિઓ અટકાવવા જાહેરનામું

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લામાં આગામી તા. ૭ મે, ૨૦૨૩ના રોજ ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ દ્વારા ગ્રામ પંચાયત સેક્રેટરી (તલાટી કમ મંત્રી)ની પરીક્ષાઓ ૪૮ પરીક્ષા કેન્દ્રો પર લેવામાં આવશે. વિદ્યાર્થીઓ, તલાટી કમ મંત્રીની પરીક્ષા શાંતિપૂર્ણ માહોલમાં આપી શકે તેવા હેતુથી નિવાસી અધિક કલેક્ટરશ્રી દ્વારા અમરેલી જિલ્લાના પરીક્ષા કેન્દ્રોની આસપાસ પ્રતિબંધાત્મક કૃત્યો નહિ કરવા આદેશ ફરમાવતું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જિલ્લાના તમામ પરીક્ષા કેન્દ્રો ખાતે શાંતિપૂર્ણ અને તંદુરસ્ત માહોલમાં પારદર્શિપણા સાથે પરીક્ષા પ્રક્રિયા પૂર્ણ થાય તે માટે અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા આ જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. પરીક્ષા કેન્દ્રો અને આજુબાજુના વિસ્તારોમાં પ્રતિબંધાત્મક બાબતો થઈ શકશે નહિ. પરીક્ષા કેન્દ્રોની ૧૦૦ મીટર ત્રિજયામાં આવેલા ઝેરોક્ષ/ફેકસના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારીઓના ઝેરોક્ષ તેમજ ફેકસ મશીનના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રો પર મોબાઈલ ફોન, સ્માર્ટ વોચ, બ્લુટુથ, ઈયર ફોન, કેમેરા, લેપટોપ જેવા સાધનો લઈ જવા પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાના સમય દરમિયાન પરીક્ષા કેન્દ્રની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારમાં ચાર કે તેથી વધુ માણસો એકઠા થવાં પર પ્રતિબંધ છે. પરીક્ષાના દિવસે વીજ પુરવઠો ખોરવાઈ નહીં તે માટે ખોદકામ કરવું નહીં. પરીક્ષા કેન્દ્રોમાં પરીક્ષાર્થીઓ તથા ફરજ પરના સ્ટાફ કે અધિકૃત્ત વ્યક્તિ સિવાય અનઅધિકૃત્ત વ્યક્તિના પ્રવેશ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષાર્થી કે તેના સાથે સંકળાયેલા કોઈ પણ કર્મચારી તેઓના મોબાઈલ પરીક્ષા બિલ્ડીંગમાં લઈ જઈ શકશે નહીં. આ ઉપરાંત કોઈ પણ તરકીબ વાપરી પરીક્ષાર્થીઓને પરીક્ષા વિષયક ચોરી કરવા/કરાવવામાં સીધી કે આડકતરી મદદગારી કરવી નહીં, પરીક્ષા સંબંધી ચોરી ગણાય તેવી કોઈ પણ વસ્તુ ઈલેક્ટ્રોનિક આઈટમ/પુસ્તક, કાપલીઓ, મોબાઈલ ફોન, ઝેરોક્ષ નકલનું વહન કરવું નહીં કે કરાવવામાં મદદગારી કરવી નહીં. પરીક્ષા દરમિયાન દરેક કેન્દ્રના સંચાલકોએ શાળામાં ઝેરોક્ષ મશીન, સ્કેનર બાબતે એકરારનામું કરવાનું રહેશે, તેમજ આવા મશીનો સીલ કરીને રાખવાના રહેશે. આ વિસ્તારમાં જાહેરનામું લાગું હોય ત્યારે ચારથી વધુ લોકોએ એકઠું થવું નહી, પરીક્ષા મથકના કમ્પાઉન્ડની હદથી ૧૦૦ મીટરની હદની અંદર આવેલા જાહેર માર્ગ પર વાહન ઉભું રાખવું નહીં, આ સ્થળોના કમ્પાઉન્ડની અંદર અનઅધિકૃત્ત પ્રવેશ કરવો નહીં. આ હુકમ તા. ૭ મે, ૨૦૨૩ રોજ સવારે ૯.૦૦થી બપોરે ૩.૦૦ કલાક સુધી લાગુ પડશે. આ હુકમ પરીક્ષા મથકોમાં પ્રવેશ અંગે વિદ્યાર્થીઓ, ફરજ પરના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ, જાહેર માર્ગ પર પસાર થતા વાહનમાં બેસેલા મુસાફરો, પરીક્ષા સંચાલનના કામ માટે રોકાયેલા અધિકારીઓ, કર્મચારીઓ, સ્થાનિક સબ ડિવિઝનલ મેજીસ્ટ્રેટ, તાલુકા મામલતદારને લાગુ પડશે નહીં આ જાહેરનામાનો ઉલ્લંઘન કરનારને ભારતીય દંડ સંહિતાની કલમ–૧૮૮ મુજબ સજાપાત્ર છે. જાહેરનામાના અમલ તથા તેના ભંગ બદલ પગલા લેવા તેમજ કાર્યવાહી કરવા માટે જિલ્લા શિક્ષણાધિકારી અમરેલી, સંબંધિત દરેક પરીક્ષા કેન્દ્રના કેન્દ્ર સંચાલકો તથા અમરેલી જિલ્લા પોલીસ સ્ટેશનના સંબંધિત થાણા અધિકારીઓને અધિકૃત કરવામાં આવે છે.

## બાબરા તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ માટે તા. ૧૫ મે સુધીમાં અરજી કરવી

અમરેલી, તા. ૩

અમરેલી જિલ્લાના બાબરા તાલુકાનો તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ, બાબરા મામલતદાર કચેરી ખાતે આગામી તા.૨૪ મે,૨૦૨૩ને બુધવારના રોજ સવારે ૧૧ વાગ્યે યોજાશે. તાલુકા કક્ષાના અધિકારવાળા બાકી હોય તેવા સરકારી કામો માટે અરજદારે સામૂહિક કે નીતિ વિષયક પ્રશ્નો સિવાય અંગત પ્રશ્ન રજૂ કરવા માંગતા હોય તો તે અરજી તા.૧૫ મે, ૨૦૨૩ના રોજ બપોરે ૩ વાગ્યા સુધીમાં રુબરૂ કે ટપાલમાં પહોંચાડી દેવી. અરજીના મથાળે ''તાલુકા સ્વાગત ફરિયાદ નિવારણ કાર્યક્રમ'' અવશ્ય લખવું, તેમ બાબરા તાલુકા મામલતદારએ એક યાદીમાં જણાવ્યું છે.

પાના ૧ ઉપરનું ચાલું **બળાત્કારના ગુન્હાનાં આરોપીને**

કરવામાં આવેલ અને તેમ છતાં આ કામના ફરીયાદી પોતાનો કેસ સાબીત કરવામાં નિષ્ફળ જતાં આ કામનાં તમામ આરોપીઓને નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરેલ છે. આ કેસમાં આરોપીઓ તર્ફે અમરેલીનાં સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદી તથા એડવોકેટ વી.એ. વાળા તથા એડવોકેટ યુ.એસ. દેવાયતકા રોકાયેલ હતા.

પાના ૮ ઉપરનું ચાલું **ખાંભાનાં ધાવડીયા નજીક આવેલ**

બરણી, સિક્કા, બાપુની ચાખડી, ચિપીયો, શાલ, જોળી જેવી અનેક વસ્તુ કબ્જે લીધેલ. આ કેસ ખાંભા કોર્ટમાં ચાલી જતા. પૂ. બાપુની યાદી સ્વરૂપ આ વસ્તુ ફરી હાલ જે આશ્રમ સાંભળ છે તેને મળે તે માટે વિનામૂલ્યે એડવોકેટ રાજુભાઈ હરિયાણી એ મુદ્દામાલ પરત મેળવવાની અરજી કોર્ટમાં દાખલ કરેલ. ફરિયાદી પૂ.ખાખરાબાપુ બ્રહ્મલીન થયેલ હોય. જેથી મુદ્દામાલ બાબતે અલગ અલગ પ્રશ્નો ઉભા થયેલ પણ હરિયાણી નિરાશ થયા વિના મુદ્દામાલ માટે કોર્ટમાં કાનૂની લડત ચાલુ રાખેલ જેમાં ૧૦ વર્ષના કાનૂની જંગના અંતે એડવોકેટ હરિયાણીને સફળતા મળી અંતે પૂ.ખાખરાબાપુના આશ્રમની તમામ વસ્તુ આશ્રમ વતી અરજદાર બાબુભાઈ કે. વરિયા પૂર્વ સરપંચને સોંપી આપવો તેવો હુકમ તા. ૨૫/૪/૨૦૨૩ના ખાંભા કોર્ટના સી.વી. ભટ્ટ દ્વારા ફરમાવવામાં આવેલ અને આ તમામ મુદ્દામાલ તાતણીયાના પૂર્વ સરપંચ બાબુભાઈ વરિયાને સોંપી આપેલ અને સરપંચે આ તમામ પ્રસાદી સ્વરૂપ વસ્તુઓ ભૂતપતિ આશ્રમ ભાંગલ વડના હાલના ગાદીપતિબાપુને સોંપી આપેલ. આ નિસ્વાર્થ ભાવના કાર્ય દે ના મિત્રોએ સહકાર આપેલ હતો.

## અવસાન નોંધ

**અમરેલી :** ઔદિચ્ય સહસ્ત્ર ચિભડીયા બ્રાહ્મણ–અમરેલી (મું. લાલાવદર ગામ) વાળા હરેશભાઈ રતિલાલ ઠાકર (ઉ.વ.૬૪) સ્વસ્તિક ટ્રાવેલ્સવાળા તે જયેશભાઈ, દિપકભાઈ, વિપુલભાઈનાં મોટાભાઈ તથા ધવલભાઈ, જસ્મીનભાઈનાં પિતાશ્રી તા. ૩/૫/૨૩ને બુધવારે અક્ષર નિવાસી થયેલ છે. સદ્ગતનું બેસણું તા. ૫/૫/૨૩ને શુક્રવારના રોજ સવારે ૯ થી ૧૨ અને સાંજે ૪ થી ૭ દરમ્યાન આર.કે. હોલ, રાઘવેન્દ્ર હોસ્પિટલની પાછળ, અમરેલી મુકામે રાખેલ છે.


### સંકુલ ધો. ૧૨ સાયંસ EM-GM પરિણામ

★ તૈ. વર્ષ ૨૨-૨૩ ધો. ૧૨ સાયંસ - બોર્ડનું પરિણામ ૬૫.૫૮%, અમરેલી કેન્દ્ર ૭૪.૦૯%, સંકુલનું પરિણામ BNV સ્કૂલ ૭૨.૫૭% - SMV સ્કૂલ ૮૦.૯૫%

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧ | સાયંસ PR | 70 UP - 114 | 80 UP - 81 | 90 UP - 32 | 95 UP - 14 |
| ૨ | થીયરી PR | 70 UP - 116 | 80 UP - 76 | 90 UP - 33 | 95 UP - 14 |
| ૩ | ઓવર ઓલ PR | 70 UP - 109 | 80 UP - 68 | 90 UP - 29 | 95 UP - 09 |

શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સ્થળ:- શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ, [illegible] રોડ, અમરેલી ★ ફોન:[illegible] Ad020


## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૧૨૯૬ | ૧૩૭૫ |
| ૨ | શિંગ મોટી | ૮૧૫ | ૧૪૪૦ |
| ૩ | શિંગદાણા | ૧૩૨૫ | ૧૫૫૦ |
| ૪ | તલ સફેદ | ૨૩૦૦ | ૩૩૪૬ |
| ૫ | તલ કાળા | ૨૦૭૫ | ૨૮૦૦ |
| ૬ | તલ કાશ્મીરી | ૨૬૮૦ | ૨૯૭૦ |
| ૭ | જુવાર | ૭૩૫ | ૮૩૬ |
| ૮ | ઘંઉ ટુકડા | ૩૭૩ | ૫૪૬ |
| ૯ | ઘઉં લોકવન | ૩૮૯ | ૪૭૫ |
| ૧૦ | મકાઈ | ૫૦૦ | ૫૦૦ |
| ૧૧ | મગ | ૧૯૨૫ | ૧૯૨૫ |
| ૧૨ | ચણા | ૭૩૧ | ૯૬૨ |
| ૧૩ | ચણા દેશી | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૪ | તુવેર | ૯૯૯ | ૧૬૫૦ |
| ૧૫ | કપાસ | ૧૧૪૦ | ૧૬૪૮ |
| ૧૬ | એરંડા | ૯૫૦ | ૧૧૩૪ |
| ૧૭ | જીરૂ | ૨૩૯૦ | ૮૭૨૫ |
| ૧૮ | રાય | ૯૩૦ | ૧૧૨૫ |
| ૧૯ | ધાણા | ૯૬૦ | ૧૫૦૦ |
| ૧૯ | ધાણી | ૧૦૯૫ | ૧૮૮૦ |
| ૨૦ | અજમા | ૧૫૦૦ | ૨૩૭૫ |
| ૨૧ | મેથી | ૯૪૨ | ૧૧૭૦ |
| ૨૨ | સોયાબીન | ૮૫૮ | ૯૯૪ |
| ૨૩ | કાંગ | ૮૫૧ | ૮૫૧ |
| ૨૪ | સુવાદાણા | ૨૦૨૧ | ૨૧૦૪ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૩૧ | ૧૬૦૦ |
| ૨ | ચણા | ૯૦૧ | ૯૬૧ |
| ૩ | મગફળી | ૧૩૫૩ | ૧૩૫૩ |
| ૪ | એરંડા | ૧૦૯૦ | ૧૦૯૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૧૧૮૭ | ૧૩૭૧ |
| ૨ | શીંગ મોટી | ૧૨૬૫ | ૧૪૦૭ |
| ૩ | તલ સફેદ | ૨૬૦૦ | ૩૦૮૦ |
| ૪ | તલ કાળા | ૨૩૦૦ | ૨૯૦૦ |
| ૫ | જીરૂ | ૫૦૦૦ | ૮૭૦૦ |
| ૬ | કપાસ | ૧૪૧૦ | ૧૬૨૧ |
| ૭ | ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૦ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૨૧ | ૬૦૦ |
| ૯ | બાજરો | ૪૫૦ | ૫૨૦ |
| ૧૦ | જુવાર | ૪૦૦ | ૮૮૦ |
| ૧૧ | મકાઈ | – | ૪૫૦ |
| ૧૨ | ચણા | ૮૦૦ | ૯૫૮ |
| ૧૩ | તુવેર | ૧૩૦૦ | ૧૫૦૦ |
| ૧૪ | એરંડી | ૧૦૫૦ | ૧૧૭૮ |
| ૧૫ | મેથી | ૯૦૦ | ૧૧૮૦ |
| ૧૬ | ધાણા | ૯૫૦ | ૧૨૫૧ |
| ૧૭ | સોયાબીન | ૯૦૦ | ૯૬૩ |

## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૪૭૦ | ૧૬૬૦ |
| ૨ | મગફળી | ૧૨૫૨ | ૧૩૪૮ |
| ૩ | જીરૂ | ૫૦૫૦ | ૮૧૫૦ |
| ૪ | ઘઉં | ૩૮૯ | ૪૧૧ |
| ૫ | ચણા | ૯૪૬ | ૯૬૪ |
| ૬ | તલ સફેદ | ૨૬૫૦ | ૩૦૦૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૩૫૦ | ૧૬૩૦ |
| ૨ | ધાણા | ૧૧૮૦ | ૧૧૮૦ |
| ૩ | ચણા | ૭૦૦ | ૯૨૫ |
| ૪ | ઘઉં લોકવન | ૩૮૩ | ૪૬૬ |
| ૫ | તુવેર | ૧૨૦૦ | ૧૩૯૫ |
| ૬ | મેથી | ૧૧૧૫ | ૧૧૧૫ |
| ૭ | સોયાબીન | ૯૫૦ | ૯૫૨ |
| ૮ | તલ સફેદ | ૨૨૦૦ | ૨૭૫૦ |
| ૯ | ઘઉં ટુકડા | ૪૧૪ | ૫૦૫ |
| ૧૦ | અડદ | ૧૧૯૦ | ૧૧૯૦ |
| ૧૧ | જીરૂ | ૫૧૫૦ | ૫૧૫૦ |
| ૧૨ | મગફળી | ૯૦૫ | ૧૨૯૦ |
| ૧૩ | સફેદ ચણા | ૧૧૭૪ | ૧૧૯૩ |
| ૧૪ | વાલ | ૧૪૫૦ | ૧૪૫૦ |
| ૧૫ | શીંગદાણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| ૧૬ | જુવાર | ૬૩૦ | ૬૩૦ |

## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૫૧૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં | ૪૦૧ | ૪૫૦ |
| ૩ | ચણા | ૯૦૦ | ૯૫૦ |
| ૪ | તુવેર | ૧૨૭૫ | ૧૪૯૧ |
| ૫ | ધાણા | ૧૧૦૧ | ૧૧૩૧ |
| ૬ | એરંડા | ૧૧૦૦ | ૧૧૫૦ |
| ૭ | મેથી | ૧૦૭૫ | ૧૧૦૫ |
| ૮ | રાઈ | ૧૦૫૦ | ૧૦૫૦ |
| ૯ | સોયાબીન | ૮૧૫ | ૯૨૬ |
| ૧૦ | અડદ | ૧૨૫૦ | ૧૨૫૦ |
| ૧૧ | તલ | ૨૬૩૦ | ૨૬૩૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | બાજરો | ૪૬૭ | ૪૭૧ |
| ૨ | જુવાર | ૪૦૦ | ૯૯૦ |
| ૩ | ઘઉં ટુકડા | ૪૦૦ | ૪૦૦ |
| ૪ | તુવેર | ૧૧૦૦ | ૧૫૦૦ |
| ૫ | ચણા | ૫૦૦ | ૯૭૧ |
| ૬ | મેથી | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૭ | રાય | ૮૮૦ | ૧૨૨૫ |
| ૮ | શીંગ | ૯૫૧ | ૧૧૫૦ |
| ૯ | સોયાબીન | ૯૩૦ | ૯૩૦ |
| ૧૦ | તલ સફેદ | ૨૨૫૦ | ૨૯૫૦ |
| ૧૧ | એરંડી | ૮૦૦ | ૮૦૦ |
| ૧૨ | કપાસ | ૧૨૫૦ | ૧૬૧૦ |

### શંકાસ્પદ મળેલા યુરિયાના નમૂના પોઝિટિવ આવ્યા

# પાદરામાં ઔદ્યોગિક એકમોને યુરિયા ખાતર વેચવાનું કૌભાંડ ઝડપાયું

## કરખડીની ચોકસી કલર્સ પ્રાઇવેટ લિમિટેડ કંપનીમાં ખાતરનો ઈન્ડસ્ટ્રીઝમાં ઉપયોગ થતો હોવાનું સામે આવ્યુ છે

વડોદરા, તા.૩

વડોદરાના પાદરાના કરખડી ગામ પાસેથી ઔદ્યોગિક એકમોને યુરિયા ખાતર વેચવાનું કૌભાંડ ઝડપાયુ છે. કરખડીની ચોકસી કલર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં ખાતરનો ઈન્ડસ્ટ્રીઝમાં ઉપયોગ થતો હોવાનું સામે આવ્યુ છે. ખેતી નિયામકે શંકસ્પદ મળેલા યુરિયાના નમૂના પુથ્થકરણ માટે બારડોલી મોકલ્યા હતા. જેનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે.

વડોદરાના પાદરામાં સબસીડીવાળું યુરિયા ખાતર ઔધોગિક એકમોને વેચવાના કૌભાંડનો પર્દાફાશ થયો છે. કરખડી ગામની ચોકસી કલર્સ પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં સબસીડીવાળું યુરિયા ખાતરનો ઉપયોગ ઈન્ડસ્ટ્રીઝમાં થતો હોવાનું સામે આવ્યું છે. ખેતી નિયામક શંકસ્પદ મળેલા યુરિયાના નમૂના લઈ પુથ્થકરણ માટે બારડોલી મોકલ્યા હતા. એગ્રીકલચરમાં વપરાતું નિમ કોટેડ યુરિયા હોવાનું પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. વડુ પોલીસ સ્ટેશનમાં બે લોકો સામે ફરિયાદ નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

### નમૂના ભૂજ સરકારી લેબમાં મોકલાયા

# ડુપ્લીકેટ હળદરની ફેક્ટરી ઝડપાવા મુદ્દે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ કાર્યવાહી કરશે

## જો નમૂનાનું પરિણામ સબ સ્ટાન્ડર્ડ આવશે તો ફેક્ટરીના માલિકોને પાંચ લાખ રૂપિયાનો દંડ થઇ શકે છે

ખેડા, તા.૩

ખેડાના નડિયાદ મિલ રોડ પરથી ડુપ્લીકેટ હળદરની ફેક્ટરી ઝડપાવાના મુદ્દે ફૂડ એન્ડ ડ્રગ વિભાગ કાર્યવાહી કરશે. ફેક્ટરીમાંથી મળેલા લીકવીડ કેમિકલ અને અન્ય પદાર્થોના નમૂના ભૂજ સરકારી લેબમાં મોકલ્યા છે. આગામી ૧૦ દિવસમાં ભુજ સરકારી લેબમાંથી રિપોર્ટ આવશે. સરકારી લેબના રિપોર્ટના આધારે નડિયાદ ટાઉન પોલીસ કાર્યવાહી કરશે. કરી પાવડરના નામે ડુપ્લીકેટ હળદર બનાવનાર અમિત અને પંકજ ટહેલ્યાણી સામે કાર્યવાહી થશે.

નકલી હળદર કેસમાં સરકારી લેબના રિપોર્ટના આધારે નડિયાદ ટાઉન પોલીસે કાર્યવાહી કરશે. જો નમૂનાનું પરિણામ સબ સ્ટાન્ડર્ડ આવશે તો ફેક્ટરીના માલિકોને પાંચ લાખ રૂપિયાનો દંડ થઈ શકે છે. જો નમૂનાનું પરિણામ અનસેફ આવે તો આરોપીઓને ૧ લાખનો દંડ અને ૬ માસની સજા થઈ શકે.

મિલ રોડ પર આવેલી ફેક્ટરી જર્જરિત હાલતમાં હોવા છતાં પણ આરોપી અમિત ટહેલ્યાણી અને પંકજ ટહેલ્યાણી ૨૦૧૭થી ડુપ્લીકેટ હળદર બનાવતા હતા અને ડુપ્લીકેટ હળદરને કરી પાવડરમાં મિક્સ કરી સિલોડ ખાતે આવેલી ડી દેવ ફેક્ટરીમાં મોકલી પેકીંગ કરી દેશ વિદેશમાં વેચાણ કરતા હતા. સૌથી મહત્વનું મિલ રોડ પર આવેલ ફેક્ટરીમાંથી પોલીસે ઝડપેલું ઓલિયોરેઝીન નામનું કેમિકલ કોચીથી મગાવવામાં આવતું હતું, તેમ આરોપીઓએ પોલીસને જણાવ્યું છે.

મહત્વનું છે કે પોલીસની તપાસમાં ઓલિયોરેઝીનના ૧૨૫થી વધારે બેરલ ફેકટરીમાં ખૂબ જ ગંદકીમાં મુકાયેલી હાલતમાં ઝડપાયા હતા. ત્યારે હવે નડિયાદ ટાઉન પોલીસ મિલ રોડ પરથી ફેકટરીમાંથી પકડાયેલો ઓલિયોરેઝીનનો જથ્થો ક્યારે મગાવવામાં આવ્યો હતો? કેટલી માત્રામાં મંગાવવામાં આવ્યો હતો અને ક્યારે ક્યારે કોચીનથી મોકલવામાં આવતો હતો? તેની પણ તપાસ હાથ કરવામાં આવશે

### યુવક બ્રેનડેડ જાહેર થતા યુવકના પરિવારે અંગદાનનો નિણર્ય કર્યો

# સુરતની નવી સિવિલ હોસ્પિટલમાંથી ૨૨મું અંગદાન કરવામાં આવ્યું

## પ્રીતેશ રાજભરના લીવર, કિડની, આંતરડાનું દાન કરવામાં આવ્યું છે, યુવકના અંગદાન થી ૩ લોકોને નવજીવન મળશે

સુરત, તા.૩

દક્ષિણ ગુજરાતની સૌથી મોટી ગણાતી આંતરડાનું દાન કરવામાં આવ્યું છે. સુરતની નવી સિવિલ હોસ્પિટલમાંથી ૨૨મુ અંગદન કરવામાં આવ્યું છે. ૨૩ વર્ષીય યુવક બ્રેનડેડ જાહેર થતા યુવકના પરિવારે અંગદાનનો નિણર્ય કર્યો હતો. જેથી યુવકના લીવર, કીડની, આંતરડાનું દાન કરવામાં આવ્યું છે. જેના થકી ૩ લોકોને નવજીવન મળશે . મૂળ યુપીના મિર્ઝા પૂરનો વતની અને હાલમાં સુરતના પાંડેસરા વિસ્તારમાં આવેલા ગણપત નગર ખાતે રહેતો ૨૩ વર્ષીય પ્રીતેશ રાજભર એમ્બ્રોડરી ખાતામાં નોકરી કરતો હતો. તેની સગાઈ પણ થઈ ગયી હતી. દરમ્યાન તે સુરતમાં બાઈક પર જઈ રહ્યો હતો તે દરમ્યાન ચાલુ બાઈક પરથી નીચે પટકાયો હતો તેને ગંભીર ઈજાઓ થતા હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો, જ્યાં સારવાર બાદ તબીબોએ પ્રીતેશને બ્રેઈનડેડ જાહેર કર્યો હતો.બીજી તરફ યુવક બ્રેઈનડેડ હોય તબીબો દ્વારા પરિવારને અંગદાન વિષે માહિતી અને સમજ આપવામાં આવી હતી જેથી પરિવારે યુવકના અંગદાનનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો હતો. પ્રીતેશ રાજભરના લીવર,કિડની, આંતરડાનું દાન કરવામાં આવ્યું છે. યુવકના અંગદનથી ૩ લોકોને નવજીવન મળશે. ઓર્ગન ડોનેટ વિશે માહિતી આપતા નવી સિવિલ હોસ્પિટલના સુપ્રિટેન્ડન્ટસ ડૉ. ગણેશ ગોવેકરે જણાવ્યું હતું કે આજરોજ નવી સિવિલ હોસ્પિટલમાં ૨૨ ઓર્ગન ડોનેટ કરવામાં આવ્યું છે.બ્રેન ડેડ યુવકના પિતાના કારણે શક્ય બન્યું છે. યુવક મૂળ બનારસનો વતની છે.૨૩ વર્ષીય પ્રિતેશ નું લિવર, કિટની, આંતરડા નું દાન કરવામાં આવ્યું છે.

યુવક બાઈક ચલાવતો હતો અકસ્માત સર્જાતા માથાના ભાગે ઈજાઓ પહોંચી હતી. તેમની સારવાર નવી સિવિલ હોસ્પિટલમાં ચાલી રહી હતી.યુવક બ્રેન્ટ ડેડ હોવાથી સાજો થઈ શકે તેમ ન હતું.યુવકના અંગદાનથી ૪ લોકોને નવું જીવનદાન મળશે. ઉલ્લેખનીય છે કે સુરત સીટી હવે ઓર્ગેન ડોનેશન સીટી તરીકે પણ ખ્યાતી પામી રહ્યું છે. સુરતમાંથી વધુ એક વખત અંગદાનની ઘટના સામે આવી છે. સુરતની સિવિલ હોસ્પિટલમાંથી અંગદાન થયું હોય તેવી આ ૨૨મી ઘટના છે

### યુવરાજસિંહ નામ ઉછળ્યું ને ડમીકાંડ દબાયું

# ૨૪ આરોપીઓ પોલીસની પકડથી દૂર, નામ-સરનામા છે છતાં કેમ કાર્યવાહી નહીં?

ભાવનગર, તા.૩

ભાવનગરમાં તોડકાંડ મામલે તપાસનો ધમધમાટ ચાલી રહ્યું છે પરંતુ ડમીકાંડ ભૂલાઈ ગયું હોય તેવું લાગી રહ્યું છે. ડમીકાંડમાં કુલ ૩૬ આરોપી સામે ફરિયાદ નોંધાઈ હતી. જે ૩૬ આરોપીઓમાંથી પોલીસે ૧૩ આરોપીઓની ધરપકડ કરી હતી. ૧૩ આરોપીઓની તપાસમાં અન્ય ૨૦ આરોપીઓના નામ બહાર આવ્યા હતા અને નવા નામ બહાર આવતા પોલીસે ૨૦ આરોપીની ધરપકડ કરી હતી.

ડમીકાંડમાં અત્યાર સુધીમાં ૩૩ આરોપીની ધરપકડ થઈ છે જ્યારે ડમીકાંડમાં કુલ ૫૭ આરોપીઓ વિરૂદ્ધ ફરિયાદ થઈ છે. ૫૭માંથી ૨૪ આરોપી હજુ પોલીસ પકડથી દૂર છે તેમજ પોલીસ પાસે તમામ ફરાર આરોપીના નામ અને સરનામા હોવા છતાં ધરપકડ કેમ કરવામાં આવતી નથી તે સવાલ ઉભા થઈ રહ્યાં છે. ૨૪ આરોપીઓની ધરપકડ ન થતા પોલીસ કાર્યવાહી પર સવાલ ઉભા થઈ રહ્યાં છે જો કે, ડમીકાંડમાં પણ રૂપિયાનો મોટો વ્યવહાર બહાર આવી શકે છે. ડમીકાંડમાં નોકરી મેળવનારાએ કોની સાથે રૂપિયાનો વ્યવહાર કર્યો તેની તપાસ હજુ બાકી છે જે તમામ બાબતને લઈ સવાલો ઉભા થઈ રહ્યાં છે. ૫ એપ્રિલના રોજ યુવરાજસિંહે ડમીકાંડમાં નામ જાહેર કર્યા હતાં. નામ જાહેર કર્યા બાદ યુવરાજસિંહ પર તોડ કરવાનો આક્ષેપ લાગ્યો હતો. જો કે, અત્યારે પોલીસ તોડકાંડમાં તપાસ કરી રહી છે પરંતુ તોડકાંડ સાથે ડમીકાંડની તપાસ કેમ થતી નથી તે સૌથી મોટો સવાલ છે.

### પોલખોલના તોડબાજ તંત્રીએ ૭૬ લાખ ખંખેર્યા હતા

# પોલખોલના તંત્રીએ ૧૬ સ્કૂલ અને બે ઔદ્યોગિક એકમ પાસેથી લાખો ખંખેર્યા

## કંજારિયાએ ૨ ટ્રાવેલ કપંનીને પણ નિશાન બનાવી પૈસા પડાવ્યા

અમદાવાદ, તા.૩

સ્કૂલો વિશે આરટીઆઈ કરીને માહિતી મેળવી સ્કૂલોને બદનામ કરવાની કે બંધ કરાવી દેવાની ધમકી આપનાર પોલ ખોલ યુ ટ્યૂબ ચેનલના તોડબાજ તંત્રી આશિષ કંજારિયા વિરુદ્ધ બોપલ પોલીસ સ્ટેશનમાં વધુ એક ફરિયાદ દાખલ થઈ છે.

આશિષે અત્યાર સુધી અત્યારસુધી ૧૬ સ્કૂલના સંચાલકો, ૨ ટ્રાવેલ એજન્સી અને ૨ ઔદ્યાગિક એકમો પાસેથી રોકડેથી રૂ.૨૬,૭૫ લાખ પડાવ્યા હતા. તેમજ આ લોકો પાસેથી જાહેરાત પેટે એકાઉન્ટમાં રૂ.૫૦ લાખ મળીને કુલ રૂ.૭૬.૭૫ લાખ પડાવ્યા હોવાનું પોલીસ તપાસમાં ખુલ્યુ છે,

આશિષ કંજારિયાને ક્રાઈમ બ્રાંચની ટીમે કોર્ટમાં રજૂ કરીને વધુ ૨ દિવસના રિમાન્ડ મેળવ્યા હતા. આ કેસની તપાસ કરેલી રહેલી ક્રાઈમ બ્રાંચના પીઆઈ મિતેશ ત્રિવેદીએ કહ્યું કે, આશિષે અત્યાર સુધીમાં ૧૬ સ્કૂલના સંચાલકોને ધમકી આપીને પૈસા પડાવ્યા હતા. તેવી જ રીતે ૨ ટ્રાવેલ એજન્સી અને ૨ ઔદ્યોગિક એકમ પાસેથી પણ પૈસા પડાવ્યા હતા. તેણે આ તમામ લોકો પાસેથી રોકડેથી રૂ.૨૬.૭૫ લાખ લીધા હતા. હજુ પણ વધુ ફરિયાદો દાખલ થઈ શકે છે.

સેટેલાઈટ શ્યામલ રો હાઉસમાં રહેતા શશીબહેન ભટ્ટ(૬૨) બોપલ અને સાણંદમાં શ્રી રામ વિદ્યાલય ધરાવે છે. ૨૦૧૭માં આશિષ તેમને મળવા ગયો હતો અને પોતે વાલી મંડળનો પ્રમુખ, આરટીઆઈ એકટીવીસ્ટ અને પોલખોલ યુ ટ્યૂબ ચેનલના તંત્રી તરીકે ઓળખાણ આપી સ્કૂલની કેટલીક માહિતી માંગી હતી. જે નહીં આપતા સ્કૂલમાં આંદોલનની ધમકી આપીને વાર્ષિક રૂ.૫૦ હજારની માંગણી કરી હતી.

આશિષે ઘણી સ્કૂલો પાસેથી પૈસા પડાવ્યા હોવાનું પોલીસ તપાસમાં દાખલ થઈ શકે છે. ખુલતા આશિષ વિરુદ્ધ હજુ અન્ય કેટલીક ફરિયાદો જેના માટે પોલીસ સામેથી પણ સ્કૂલના સંચાલકોનો સંપર્ક કરી રહી છે.

### પરિવારજનોએ ઇન્સ્ટિટયૂટ પર ઉઠાવ્યા સવાલો

# ફાર્મસી કોલેજમાં ભણતી તિતિક્ષાના હત્યારા પ્રવિણ ગાવિતની ધરપકડ

## આરોપી તિતિક્ષાને રિસર્ચ લેબના રૂમમાં લઈ ગયો હતો, ત્યારબાદ મોઢું અને નાક દબાવી દઈને હત્યા કરી હતી

મહેસાણા, તા.૩

મહેસાણાના વડસ્મા ફાર્મસી કોલેજમાં વિદ્યાર્થિનીના હત્યા કેસમાં પોલીસે આરોપીની ધરપકડ કરી છે.

લાંઘણજ પોલીસે હત્યાના આરોપી પ્રણવ ગાવિતની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે. હત્યાને અંજામ આપનારો શખ્સ તિતિક્ષાનો સહ-અભ્યાસી અને તેના બાજુના ગામનો વતની હોવાનું સામે આવ્યું છે. આરોપી પ્રણવ ગાવિત યુવતીને પ્રેમ સંબધ રાખવા દબાણ કરતો હતો.

આરોપી તિતિક્ષાને કોલેજની નવી બની રહેલી રિસર્ચ લેબના રૂમ નંબર-૨માં લઈ ગયો હતો. ત્યારબાદ તિતિક્ષાનું મોઢું અને નાક દબાવી દઈને હત્યા કરી હતી ત્યાર બાદ પ્રવિણ ફરાર થઈ ગયો હતો. હતો. હત્યા પહેલા વિદ્યાર્થિનીના રિસર્ચ લેબમાં જતા CCTVનો ફોટો પણ સામે આવ્યો છે. તિતિક્ષા પટેલ સત્સંગી સાકેતધામ ઈન્સ્ટીટ્યૂટ ઈન્સ્ટીટ્યુટમાં બી-ફાર્મ સેમેસ્ટર-૬માં અભ્યાસ કરતી હતી.

તિતિક્ષાના પરિજનોનો આરોપ છે કે કોલેજના સંચાલકોએ તેમનાથી ઘટનાને છૂપાવી. એટલું જ નહીં તિતિક્ષાની માહિતી આપવામાં પણ કોલેજ સંચાલકોએ ઠાગાઠૈયા કર્યાનો આરોપ લગાવ્યો હતો. તિતિક્ષાના ભાઈનો દાવો છે કે કોલેજ સંચાલકોએ CCTV ફૂટેજ બતાવવામાં પણ આનાકાની કરી હતી.

તો બીજી તરફ ઘટનાને લઈ આશ્રમ ગ્રૂપ ઈન્સ્ટિટયૂટ સામે પણ સવાલો ઉઠી રહ્યા છે. સત્સંગી સાકેતધામ ઈન્સ્ટિટયૂટ માં વિદ્યાર્થિનીઓ નથી સુરક્ષિત વિદ્યાર્થિનીઓની સુરક્ષા માટે કૉલેજમાં કેમ વ્યવસ્થા નથી વિદ્યાર્થિનીઓની સુરક્ષાની જવાબદારી કોણ લેશે ઈન્સ્ટિટયૂટ સામે કોઈ કાર્યવાહી કરવામાં આવશે ખરી અને ઈન્સ્ટિટયૂટ પોતાની જવાબદારીમાંથી કેવી રીતે છટકી શકે

### ટીમ ઈન્ડિયાના પેસ બોલરની મુશ્કેલીમાં વધારો થયો

# હસીન જહાં પતિ શમીની ધરપકડ માટે સુપ્રીમમાં

## હસીન જહાંએ કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકાર્યો છે

નવી દિલ્હી, તા.૩

ટીમ ઈન્ડિયાના અનુભવી ઝડપી બોલર મોહમ્મદ શમીની મુશ્કેલીઓ વધી શકે છે. શમીની પત્ની હસીન જહાંએ શમીની ધરપકડ માટે સુપ્રીમ કોર્ટનો દરવાજો ખટખટાવ્યો છે.


પોતાની અરજીમાં હસીન જહાંએ કલકત્તા હાઈકોર્ટના આદેશને પડકાર્યો છે જેણે શમી વિરુદ્ધ જારી કરાયેલ ધરપકડ વોરંટ પર સેશન્સ કોર્ટના સ્ટેને યથાવત રાખ્યો હતો. શમીની પત્નીએ આરોપ લગાવ્યો કે શમી તેની પાસેથી દહેજ માંગતો હતો અને બીસીસીઆઈસંબંધિત પ્રવાસો પર બોર્ડ દ્વારા આપવામાં આવેલા રૂમમાં વેશ્યાઓ સાથે ગેરકાયદેસર સંબંધો બાંધતો હતો.

અરજીમાં કહેવામાં આવ્યું છે કે આ કેસમાં અલીપુરના એડિશનલ ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટ દ્વારા ૨૯ ઓગસ્ટ ૨૦૧૯ના રોજ શમી વિરુદ્ધ ધરપકડ વોરંટ જારી કરવામાં આવ્યું હતું. જોકે શમીએ આ નિર્ણયને સેશન્સ કોર્ટ સમક્ષ પડકાર્યો હતો. જેણે ધરપકડ વોરંટ અને સમગ્ર કેસમાં આગળની પ્રક્રિયા પર રોક લગાવી દીધી હતી. આ પછી હસીન જહાંએ કલકત્તા હાઈકોર્ટનો સંપર્ક કર્યો પરંતુ હાઈકોર્ટે પણ ધરપકડ વોરંટ પરનો સ્ટે ઉઠાવવાનો ઈક્નાર કરી દીધો હતો. હસીન જહાંની અરજીમાં કહેવામાં આવ્યું છે કે કાયદા હેઠળ કોઈપણ સેલિબ્રિટીને કોઈ વિશેષ દરજ્જો મળવો જોઈએ નહીં. અરજીમાં કહેવામાં આવ્યુ છે કે કોર્ટનો આદેશ કાયદામાં સ્પષ્ટ રીતે ખોટો છે, જે ઝડપી સુનાવણીના અધિકારને મહત્વ આપે છે. તેણે કહ્યું છે કે ક્રિકેટરના મામલામાં ચાર વર્ષથી મામલો આગળ વધ્યો નથી.

# અમરેલી : ન્યૂઝ ચેનલ દ્વારા સેવાના મહારથી સુરેશ પાનસુરીયાનું એવોર્ડ દ્વારા સન્માન

અમરેલી, તા.૩

અમરેલી મુકામે ન્યૂઝ ચેનલ દ્વારા સેવાના મહારથીઓનું એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા ત્યારે સાવરકુંડલા, લીલીયા મત વિસ્તારનું ગૌરવવંતુ અને સેવામાં હંમેશા અગ્રેસર હોય તેવું નામ એટલે સુરેશ પાનસુરીયા આવા સેવાના મહારથીઓનું કેન્દ્રિય મંત્રી પરષોતમભાઈ રૂપાલા તથા ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણીની વિશેષ ઉપસ્થિતિમાં કોરોનાનાં કપરા સમયમાં સાવરકુંડલા-લીલીયા મત વિસ્તારના લોકોને નિઃશુલ્ય ઓકિસજન બોટલ તથા વાવાઝોડા દરમિયાન હજારો લોકો માટે ભોજન તથા રહેવાની વ્યવસ્થા, સાવરકુંડલા શહેરની સેવાભાવી સંસ્થાને એમ્બ્યુલન્સ અર્પણ તેમજ સાવરકુંડલા શહેરની અંદર રૂપિયા ૧૨ લાખના સ્વખર્ચે સીસીટીવી કેમેરા ફીટ કરાવી અને શહેરની સુરક્ષામાં અનુદાન આપ્યું તેમજ આ વિસ્તારની અસંખ્ય બેન દીકરીઓને કરીયાવર કરાવી આપેલ અને ભવ્ય સમૂહલગ્નનું પણ આયોજન કરેલ. સૌરાષ્ટ્રનાં સૌથી મોટા રકતદાન



કેમ્પનું, સર્વ સમાજને જોડવા માટે મહાવિષ્ણ યજ્ઞ, નિરાધાર લોકોને સ્વખર્ચે મકાન તેમજ રહેવા માટે છાપરા સહિતની અસંખ્ય સેવામાં આગવું સ્થાન ધરાવતા સેવાના મહારથી અને અમરેલી જિલ્લા ભારતીય જનતા પાર્ટીનાં ઉપાધ્યક્ષ સુરેશ પાનસુરીયાનું સન્માન કરવામાં આવ્યું.

### AMTS બસનું સંપૂર્ણ ખાનગીકરણ

# AMTSની તમામ ૮૦૦ બસોનું સંચાલને ખાનગી કંપનીઓને સોંપી દેવામાં આવ્યું છે

## શ્રી મારુતિ ટ્રાવેલ્સ(દાદા), આદિનાથ બલ્ક પ્રાઇવેટ લિમિટેડ, શ્રી મારુતિ ટ્રાવેલ્સ, ટાંક સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ, અર્હમ ટ્રાન્સપોર્ટ, મહેશ્વરી બસ ઓપરેટર પ્રાઇવેટ લિમિટેડનો સમાવેશ થાય છે

અમદાવાદ, તા.૩

અમદાવાદ મ્યુન્સિપલ ટ્રાન્સપોર્ટ સર્વિસ એટલે કે AMTSનું સંચાલન હવે કોર્પોરેશન નહીં કરે કારણ એ કે હવે બસો જ કોર્પોરેશનની માલિકીની નથી બચી.

એએમટીએસની કુલ હાલ શહેરમાં ૮૦૦ બસો દોડે છે, આ ૮૦૦ બસોનું સંચાલન હવે ખાનગી કંપનીઓને સોંપી દેવામાં આવ્યું છે. એટલે કે અમદાવાદના રસ્તાઓ પર દોડતી AMTS બસનું સંપૂર્ણ ખાનગીકરણ કરાયું છે.

શહેરમાં દોડતી કુલ ૮૦૦ બસોમાંથી એક પણ બસ મનપાની માલિકીની નથી. ખાનગી ઓપરેટરોને આ તમામ બસો સોંપી દેવામાં આવી છે. જેના કારણે વાર્ષિક કરોડો રૂપિયાનું નુકસાન કોર્પોરેશનને થઈ રહ્યું છે અને ખાનગી બસ ઓપરેટરોને કમાણી થઈ રહી છે.

ફક્ત એટલું જ નહીં નવા બજેટની બસોનું પણ સંચાલન ખાનગી ઓપરેટરો જ કરશે. હાલ આ ૮૦૦ બસોને ૬ એજન્સીઓ ઓપરેટ કરે છે.

જેમાં શ્રી મારુતિ ટ્રાવેલ્સ(દાદા), આદિનાથ બલ્ક પ્રાઈવેટ લિમિટેડ, શ્રી મારુતિ ટ્રાવેલ્સ, ટાંક સર્વિસ પ્રાઈવેટ લિમિટેડ, અર્હમ ટ્રાન્સપોર્ટ, મહેશ્વરી બસ ઓપરેટર પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. આ તમામ કંપનીઓ હાલ શહેરમાં ૮૦૦ બસોનું સંચાલન કરી રહી છે.

આ મામલે વિરોધ પક્ષના કોર્પોરેટર ઈકબાલ શેખે જણાવ્યું કે, 'ભારતીય જનતા પાર્ટીના શાસન આવ્યા પછી અલગ અલગ એજન્સીઓ હાલ ૭૦૦થી ૮૦૦ બસો ચલાવી રહી છે. કોર્પોરેશનના બજેટમાં જે નવી બસો આવવાની છે તે પણ કોન્ટ્રાકટર મારફતે ચલાવવામાં આવશે. ફક્ત એક કે બે બસ જ કોર્પોરેશનની ચાલે છે. જે ખૂબ દુઃખની વાત છે. ફક્ત તેમના મળતીયાઓને કોન્ટ્રાક્ટ આપવો, મનફાવે એવું વર્તન તેમના ડ્રાઈવરો અને કોન્ટ્રાક્ટરો કરી રહી છે. જેના કારણે અમદાવાદીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે છે.' અત્યાર સુધીમાં ૭૦૦થી વધુ મનપા બસના ડ્રાઈવર કન્ડકટરની બદલી થઈ ચુકી છે. મનપાના વિવિધ વિભાગોમાં આ ડ્રાઈવર કન્ડકટરની બદલી કરવામાં આવી છે. એવું કહેવામાં આવી રહ્યું છે કે, દર વર્ષે AMTSના કારણે અમદાવાદ મનપાને ખોટ થાય છે.

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનને દર વર્ષે રૂપિયા ૩૨૫ કરોડની ખોટ થાય છે. ત્યારે ખાનગી ઓપરેટરોને ફાયદો થાય તો મનપાને કેમ નથી થતો તે મોટો સવાલ છે.

### ઘરઘાટીએ ઘર માંથી ચોરી કરવાનો બનાવ સામે આવ્યો

# સેટેલાઈટમાં ચોરી કેસમાં પૂર્વ ઘરઘાટીની ધરપકડ

## આરોપી બાલકૃષ્ણ શર્માએ પોતાના મોજશોખ પૂરા કરવા માટે ચોરીને અંજામ આપ્યો હતો

અમદાવાદ, તા.૩

અમદાવાદમાં વધુ એક વખત ઘરઘાટીએ ઘર માંથી ચોરી કરવાનો બનાવ સામે આવ્યો છે. શહેરના પોશ વિસ્તારમાં પૂર્વ ઘરઘાટીએ તકનો લાભ લઈને ચોરીને અંજામ આપ્યો હતો. જોકે સીસીટીવી ફૂટેજ ને આધારે પોલીસે આરોપીની ધરપકડ કરી છે. અમદાવાદના સેટેલાઈટ વિસ્તારમાં આવેલી ચરણકૃપા સોસાયટીના એક સિનિયર સીટીઝનના ઘર માંથી લાખો રૂપિયાની ચોરી થઈ હોવાની ફરિયાદ નોંધાઈ છે. જોકે આ સીસીટીવી ફૂટેજમાં ચોરીને અંજામ આપીને ફરાર થતા શકમંદો કેદ થયા છે. જેને પગલે મકાન માલિકે આ અંગે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ચરણકૃપા સોસાયટીના ૧૧ નંબરના બંગલોમાં રહેતા સિનિયર સિટીઝન છેલ્લા બે દિવસથી એકલા હતા.

જો કે પોલીસની પ્રાથમિક તપાસમાં સામે આવ્યું કે ઘરમાં ચોરીને અંજામ આપનાર કોઈ અજાણ્યા લોકો નથી પરંતુ મકાનમાં અગાઉ ઘરઘાટી તરીકે કામ કરી ચૂકેલા વ્યક્તિઓ હોઈ શકે છે.

સીસીટીવી ના આધારે શકમંદ ઘરઘાટી હોવાની જાણ થતાં જ પોલીસે અલગ અલગ ટીમો બનાવી આરોપીઓને ઝડપી લીધા. પકડાયેલા ત્રણ આરોપીઓ પૈકી મુખ્ય આરોપી બાલકૃષ્ણ ઉર્ફે બાલુ કિશન મીણા દોઢ મહિના અગાઉ ઘરઘાટી તરીકે નોકરી કરતો હતો. આરોપી બાલકૃષ્ણ શર્મા પોતાના મોજશોખ પૂરા કરવા ચોરીને અંજામ આપ્યો હતો.

પોલીસ પૂછપરછમાં એ પણ સામે આવ્યું છે કે આરોપી ચોર ગેંગે ચોરી કરેલા રૂપિયાથી નવા કપડાં, બુટ સહિતની વસ્તુઓ ખરીદી કરી હતી. બીજી તરફ તેવો નવું બાઈક પણ ખરીદી કરવામાં હતા પણ તે પહેલાં પોલીસે તેને પકડી પાડયા હતા. મહત્વનું છે કે આરોપી ઘરઘાટી તરીકે જ્યાં નોકરી કરતો ત્યાં જ ચોરી કરી પણ પોલીસે કલાકોમાં આરોપીઓ પાસેથી છ લાખથી વધુને રોકડ અને ચોરી કરેલા રૂપિયાથી ખરીદેલો સામાન કબજે કરી વધુ તપાસ હાથ ધરી છે.ત્યારે ઘરઘાટીઓ રાખતા માલિકોને પણ પોલીસે અપીલ કરી હતી કે પોલીસ વેરિફિકેશન વગર આવા ઘરઘાટીઓને ઘરમાં પ્રવેશ ન આપે. આ કેસમાં પણ પોલીસ મકાનમાલિક પર પણ જાહેરમાં ભંગનો ગુનો નોંધી કાયદેસર કાર્યવાહી કરે તેવી શક્યતા છે.

જેમાં મકાનનું રીનોવેશન કામ ચાલી રહ્યું હોવાથી અમુક બારીઓના દરવાજા ફાઈબરથી કવર કરવામાં આવ્યા હતા જેનો લાભ લઈને ચોર ટોળકીએ મકાનમાં પ્રવેશ કર્યો હતો અને ચોરીને અંજામ આપ્યો હતો. બાલકૃષ્ણ ઉપરાંત પોલીસે તેને મદદ કરનાર ઈશ્વર મીણા અને વિનોદ મીનાની પણ ધરપકડ કરી છે.

આ દરમિયાન રાત્રિના સમયે ત્રણ થી ચાર શખ્સો આવી તિજોરીમાંથી ૧૪ લાખ રોકડા અને બેંકનાં ચેકો અને દસ્તાવેજોની પેન ડ્રાઈવ ચોરી ફરાર થઈ ગયા હતા. જેને પોલીસે પકડી પાડયા છે.

## લોકનીતિ, એનડીટીવી અને સીએસડીએસનાં સર્વેનાં ચોંકાવનારા તારણો

# કર્ણાટકનાં મતદારો ગરીબી, મોંઘવારી, ભ્રષ્ટાચાર અને બેરોજગારીનાં મુદ્દે કરશે મતદાન

રાજયની ૬ કરોડની જનતામાંથી બહુમતી જનતા બિનજરૂરી મુદ્દાને બદલે તેમને સ્પર્શતા મુદ્દા પ્રશ્ને જાગૃત જોવા મળી

જાતિવાદ, જ્ઞાતિવાદ કે ધાર્મિક મુદ્દાને બદલે જનતામાં રોજબરોજનાં પ્રશ્નો અંગે જાગૃતિ ઉભી થઈ

રાજયની રર૪ બેઠકો માટે આગામી ૧૦ મેનાં રોજ મતદાન અને ૧૩ મે નાં રોજ ગણતરી થશે

નરેન્દ્ર મોદી, અમિત શાહ, જે.પી. નડ્ડા, રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી સહિતનાં નેતાઓ સભા ગજવે છે









અમરેલી, તા. ૩

ભારત દેશનાં અતિ મહત્વનાં અને સમૃધ્ધ તેમજ દક્ષિણ ભારતનાં પ્રવેશદ્વાર સમાન કર્ણાટકમાં આગામી ૧૦મે નાં રોજ વિધાનસભાની ૨૨૪ બેઠકો માટે મતદાન અને ૧૩ મે નાં રોજ મતગણતરી થવાની હોય અમરેલી જિલ્લા સહિત સમગ્ર દેશનાં રાજકીય આગેવાનો, નિરીક્ષકો, મીડિયા જગત અને સર્વે એજન્સીઓની નજર મંડાયેલી છે.

દરમિયાનમાં લોકનીતિ, એનડીટીવી અને સીએસડીએસ ધ્વારા થયેલ સર્વેમાં ચોંકાવનારા તારણો બહાર આવી રહ્યા છે. જેમાં રાજયની ૬ કરોડ જનતા જાતિવાદ, જ્ઞાતિવાદ કે ધાર્મિક મુદાને બાજુ પર રાખીને ગરીબી, બેરોજગારી, ભ્રષ્ટાચાર અને મોંઘવારી મુદે મતદાન કરવાનું મન બનાવી રહ્યાનું સર્વે ધ્વારા બહાર આવી રહ્યું છે.

વિધાનસભાની ચૂંટણીને લઈને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ, કોંગી નેતા રાહુલ ગાંધી, પ્રિયંકા ગાંધી તેમજ ભાજપા અધ્યક્ષ જે.પી. નડા, કોંગી અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગે સહિતનાં કદાવર નેતાઓ જાહેર સભા ગજવીને મતદારોને આકર્ષવા પ્રયાશ કરી રહ્યા છે. ત્યારે કર્ણાટકની જનતા ભાજપની સરકાર પુનઃ બનાવે છે કે પરિવર્તન કરશે તેનું આગામી ૧૩ મે નાં રોજ ચિત્ર સ્પષ્ટ થશે.

### ૧૦ વર્ષનાં કાનૂનીજંગ બાદ તમામ મુદ્દામાલ પરત

## ખાંભાનાં ધાવડીયા નજીક આવેલ આશ્રમમાં ૧૭ વર્ષ પહેલા થયેલ ચોરીનો મુદ્દામાલ પરત આવ્યો

### એડવોકેટ રાજુભાઈ હરિયાણીની દલીલો સફળ રહી





ખાંભા, તા. ૩

ખાંભા ના ધાવડીયા નજીક આવેલ પ.પૂ. બ્રહ્મલીન ઓમપ્રકાશદાસ બાપુ (ખાખરા બાપુ) ના આશ્રમ ભાંગલ વડમાં વર્ષ ૨૦૦૬માં ચોરી થયેલ, જેમાં ચોર પકડાય ગયેલા જેની પાસેથી પોલીસે ચાંદી ૫૦૦ ગ્રામ ૪ ગ્રામ સોનુ, બેટરી,

**અનુસંધાન પાના ૬ ઉપર**

### વાયબ્રન્ટ અને ગતિશીલ ગુજરાતમાં અરજદારોની દોડાદોડી વધી

## ચલાલામાં છેલ્લા ત્રણ મહિનાથી આધારકાર્ડની કામગીરી બંધ : અમરેલી, સાવરકુંડલા, ધારી જવા મજબૂર

### સ્થાનિક ધારાસભ્યએ આ બાબતે ઉચ્ચકક્ષાએ રજૂઆત કરવી જોઈએ

ચલાલા, તા. ૩

ચલાલામાં આધાર કાર્ડની કામગીરી છેલ્લા ત્રણ મહિનાથી બંધ થવાથી શહેરીજનો ભારે હાલાકી ભોગવી રહ્યા છે.

જાણવા મળેલ વિગત મુજબ ચલાલા જુની નગરપાલિકા કચેરીમાં આધારકાર્ડની કામગીરી ચાલું હતી અને ચલાલાની જનતાને આધારકાર્ડ નવા કઢાવવા કે આધારકાર્ડમાં સુધારો–વધારો કરવા માટે ખૂબ સહેલાયથી કામગીરી થતી હતી અને મોટી સંખ્યામાં લોકો તેનો લાભ લેતા હતા. છેલ્લા ત્રણ મહિનાથી આ કામગીરી બંધ થવા પામી છે. જેથી શહેરીજનોને આધારકાર્ડની કામગીરી માટે ફરજીયાત અમરેલી, ધારી, સાવરકુંડલા જવું પડે છે. ત્યાં પણ આધારકાર્ડ કઢાવવા માટે મોટી લાઈનો લાગેલ હોય ત્યાં બે–ચાર કલાક લાઈનમાં ઉભા રહેવું પડે છે. વૃધ્ધો, બાળકો અને મહિલાને ભારે મુશ્કેલી પડતી હોય સમય અને નાણાનો પણ વ્યર્થ થતો હોય. જીલ્લા અને તાલુકા તંત્રમાં અનેક રજૂઆતો કરવામાં આવેલ હોવા છતાં લોકોની મુશ્કેલી દૂર થતી નથી. સરકારે વિવિધ પ્રકારનાં કેમ્પો ગોઠવી લોકોને સહેલાયથી યોજનાનો લાભ મળે તે માટે પ્રયત્નશીલ છે. ત્યારે ચલાલામાં ઉલટીગંગા વહેતી થઈ છે. વહેલીતકે આધારકાર્ડની સુવિધા પ્રાપ્ત થાય તેવી લોકમાંગ ઉઠવા પામી છે.

### સ્થાનિક પીઆઈ આઈ.જે. ગીડાનો સપાટ્ટો

## બગસરાનાં શિવાજી ચોકમાં જુગાર રમતાં અર્ધોડઝન પત્તાપ્રેમી ઝડપાયા

### રૂપિયા ૪૨૮૩૦નો મુદ્દામાલ કબ્જે થયો



અમરેલી, તા. ૩

બગસરાનાં શિવાજી ચોકમાં જુગાર રમતાં બચુભાઈ શેખ, હાર્દિકભાઈ જાદવ, રૂખડભાઈ ટોટા, પ્રવિણભાઈ સાવલીયા, ફારૂકભાઈ કાળવાતર અને હનિફભાઈ કોટાને જુગાર રમતા હોય રૂપિયા ૪૨૮૩૦નાં મુદામાલ સાથે ઝડપી લેવામાં આવેલ છે.

આ કામગીરીમાં એસ.પી. હિમકરસિંહની સુચનાથી બગસરા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેકટર આઈ.જે. ગીડાનાં માર્ગદર્શન હેઠળ અના હેડ કોન્સ. સાજીદભાઈ મીંગ તથા પો.કોન્સ. જયદીપભાઈ મુળાભાઈ મકવાણા તથા પોલીસ કોન્સ. આલકુભાઈ, પોલીસ કોન્સ. અજયદાન લાંગાવદરા જોડાયેલ હતા.

### આજના આધુનિક યુગમાં પણ ધાકધમકીની ઘટના સામે આવી

## લાઠીનાં આસોદર ગામે અનુ.જાતિનાં નાગરિકો ઢોલ, બેન્ડવાજા કે ફટાકડા પણ ફોડી શકતા નથી

### રીક્ષામાં બેસવાની ના, કરીયાણાની દુકાનેથી ચીજવસ્તુઓ ન આપવાનો નિર્ણય

અમરેલી, તા. ૩

લાઠીનાં આસોદર ગામનાં અનુ.જાતિનાં જાગૃત નાગરિક વિપુલભાઈ ચૌહાણે કલેકટરને પત્ર પાઠવીને મફત પ્લોટનાં કબ્જા બાબતે એક સમાજે અનુ.જાતિનો સામાજીક બહિષ્કાર કર્યાનું જણાવીને પોલીસ બંદોબસ્ત ફાળવવા માંગ કરેલ છે.

કલેકટરને પાઠવેલ પત્રમાં જણાવેલ છે કે, લાઠીનાં તાલુકા વિકાસ અધિકારી દ્વારા તા. ૧૯/૯/૨૨ ના હુકમથી અમારા સમાજના નવ ઈસમોને મફત મંજુર કરેલા છે જેના સ્થળ પર તા. ૨૪/૩/૨૩ સર્કલ ઈન્સ્પેકટરએ કબજા સોંપેલા હતા. અમારા પ્લોટ અમો ઝાળા ઝાખડા કાઢવા તા.૧૫/૪/૨૦૨૩ ના રોજ ગયેલા હતા. અમારા ગામના ૫ ઈસમો રીક્ષામાં હથીયારો લઈ આવી અમોને કહયુ કે આ ગૌચરની જમીન છે. તેમ કહી અમોને બિભત્સ શબ્દોમાં ગાળો બોલી, હુમલો કરેલ. જે અંગેની લાઠી પોલીસ સ્ટેશનમાં તા. ૧૫/૪/૨૦૨૩ ના રોજ ગુન્હો દાખલ થયેલ છે.

જેથી સમાજે મીટીંગ કરી અમો અનુ.જાતિ સમાજના લોકોને રીક્ષામાં બેસવા નહીં દેવા, દુકાને પંચર નહીં કરવા, તેમની દુકાનેથી કરીયાણાની ચીજવસ્તુ નહીં આપવાનો નિર્ણય કરેલ છે. ગામે ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે.

આસોદર ગામે મફત પ્લોટ નિમ થયેલ જમીનમાં આશરે બે વિઘા જમીનમાં અનઅધિકૃત દબાણ કરી (ઘાસચારા)નું વાવેતર કરેલ છે. પરંતુ ગ્રામ પંચાયત કે જવાબદારો દબાણ દુર કરાવવા નથી. મફત પ્લોટ માટે નીમ થયેલ ગામતળની જમીનમાં માલઢોર માટે વાડાવાળા દબાણો કરેલા છે.

### લીલીયા નજીક આવેલ

## ભેંસાણ ગામે વીજપોલમાં તિખારા થતાં ૧૩૦૦ મણ કપાસ સળગીને ખાખ

અમરેલી, તા. ૩

લીલીયા તાલુકાનાં ભેંસાણ ગામે રહેતા અમરૂભાઈ મુળુભાઈ મૈત્રા નામનાં ૬૫ વર્ષિય વૃધ્ધ ખેડૂતનાં જુના મકાનમાં ખેતીની ઉપજનાં સંગ્રહ કરેલ આશરે ૧૩૦૦ મણ કપાસ તથા ૪૦૦ મણ જેટલો ઘાસચારો મળી કુલ રૂા. ૨૩,૦૦,૦૦૦નો માલ ઘરની બાજુમાં વીજપોલમાં તિખારા ઝરતા તે તમામ માલ સળગી ઉઠયાની જાહેરાત લીલીયા પોલીસમાં કરવામાં આવેલ છે.















*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)